# મૃત્યુ બને મહોત્સવ

## (સમાધિ મરણ)

- સા. જયદર્શિતાશ્રીજી
(M.sc.,Ph.D.)

## તપ ચક્રવર્તી, જિનશાસન વરિષ્ઠ આચાર્ય, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૫૦માં વર્ષીતપ નિમિત્તે પ્રકાશિત પુષ્પો (ગ્રંથો)



# મૃત્યુ બને મહોત્સવ

## (સમાધિ મરણ)


લેખિકા

તપસ્વી સમ્રાટ, અનંત ઉપકારી, અચલગચ્છાધિપતિ

પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના

આજ્ઞાનુવર્તી શાસન પ્રભાવિકા

પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા

સા. જયદર્શિતાશ્રીજી



પ્રકાશક

શ્રી શત્રુંજય એકેડમી

ચાલીસ ગામ

સૌજન્ય

મા. મધુરીબાઈ ભવાનજી લોડાયા

ગામ : કચ્છ - કોઠારા) ૪૦ ગામ / વિદ્યાવિહાર

**પ્રકાશન**

સુદિર્ઘ તપસ્વી અચલગચ્છાધિપતિ

**પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના

સુવર્ણ વરસીતપ મહોત્સવ નિમિત્તે

**સંપાદીકા**

તપસ્વી સમ્રાટના આજ્ઞાનુવર્તી શાસન પ્રભાવિકા

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**ના

પ્રશિષ્યા **સા. હિમાંશુશ્રીજી**

**પ્રત :** ૧૦૦૦

**પ્રકાશન :** સં. ૨૦૭૩ * ઈ.સ.૨૦૧૭

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી શત્રુંજય એકેડમી**

શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર

સ્ટેશન રોડ, ચાલીસ ગામ.

મુદ્રક - **અશોક પ્રિન્ટરી** - પાલીતાણા. મો. ૯૨૨૮૨૮૫૪૮૮.

# અંતરના અનુગ્રહ દાતા



પ્રાતઃ સ્મરણીય, તપ ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ

**પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા**



## દિવ્ય કૃપા વર્ષા

આગમ અભ્યાસી...
સિદ્ધાચલ સ્નેહી...
નવકારમંત્રારાધિકા...
બાલ બ્રહ્મચારી..

**પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**



પલ-પલ સ્મરણીય...
શાસન પ્રભાવિકા
જ્ઞાનારાધના પ્રેરીકા...

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**




## મંગલમય પ્રેરણા

શાંત સ્વભાવી...
સૌમ્ય મૂર્તિ...

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

## સુકૃતના સહભાગી



### પૂ. પિતાશ્રી ભવાનજી શિવજી લોડાયા

(ગામ : કચ્છ - કોઠારા) ૪૦ ગામ / વિદ્યાવિહાર



### પૂ. માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા

(ગામ : કચ્છ - કોઠારા) ૪૦ ગામ / વિદ્યાવિહાર



ચિ. ખ્યાતિ, સૌ. ઉર્વી પ્રણવ, સૌ. દિપ્તી અનિલ ધરમશી (બાયઠ) ભાંડુપ



ચિ. માનસ, સૌ. દીપા મનિષ લોડાયા, ચિ. ધ્રુવ (કોઠારા) ચાલીસગામ



ચિ. સિદ્ધાર્થ, સૌ. તૃપ્તિ કેતન નાગડા, ચિ. યથાર્થ (સાંધવ) જલગામ



ચિ. પલક, સૌ. ચાંદની હિતેશ લોડાયા, ચિ. આદિ (કોઠારા) વિદ્યાવિહાર.

# અમૃત ભાવે અર્પણ

'દેહ વિનાશી હું અવિનાશી'

આ સૂત્રને રોમે રોમે વસાવનાર...

અમરતાના આરાધક...

ક્ષણે ક્ષણે સાવધાન... અપ્રમત...

અમરત્વના અમૃતના સર્જક...

સફળ નિર્યામણા કરાવનાર...

સ્વ-પર ઉદ્ધારક...

## સૂવર્ણ ૫૦ વરસીતપારાધક

તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.ના

કરકમલમાં...

અમૃત ભાવે અર્પણ.

સા. જયદર્શિતાશ્રીજી

સા. હિમાંશુશ્રીજી

# મૃત્યુ...

મૃત્યુ...

ભય અને શોક સર્જક...

શું આવું યમરાજાનું તેડું મહોત્સવ બની શકે ?

જ્યાં સુધી જીવની અજ્ઞાન અવસ્થા છે ત્યાં સુધી મૃત્યુનો ભય છે. જ્યાં જ્ઞાનદશા પ્રગટ થાય છે ત્યાં ભય ભાગી જાય છે. મૃત્યુનું અજ્ઞાન આપણામાં મૃત્યુ માટે ભય અને શોકનું સર્જન કરે છે. પરંતુ જો મૃત્યુનું સાચું જ્ઞાન અને એની વાસ્તવિકતાનું ભાન થાય તો મૃત્યુ સહજ - સરસ અને સુંદર લાગ્યા વગર ન રહે. મૃત્યુને આવકારવા એનું સ્વાગત કરવા જીવ તૈયાર થઈ જાય.

**લાખો ગયા ને તું પણ જવાનો**

**મુરખ ! મનમાં વિચાર...**

**સાચું કહું પણ જૂઠું માને તો**

**મુઆ કુટુંબને સંભાર...**

મૃત્યુ પ્રત્યેના આપણા અભિગમને બદલાવી સકારાત્મક

દૃષ્ટિથી એને જોઈએ... જાણીએ... સમજીએ... **'પ્રત્યેક નૂતન સર્જન વિસર્જન માંગે છે.'** નવા ઘરને પામવા જુના ઘરને છોડવાનું છે. નવા વસ્ત્રોને પરિધાન કરવા જુના વસ્ત્રોનો ત્યાગ કરવાનો છે. વધારે શું કહીએ ? અંતે દેહના ત્યાગ વિના મોક્ષ પણ મળવાનો નથી.

આવો ! આ નાના પુસ્તક દ્વારા મૃત્યુને મહોત્સવ બનાવવાની કલા હસ્તગત કરી સહુ સમાધિ મરણને માણે એ જ અંતરની અભિલાષા.

તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વજી મ.સા.** ના સૂવર્ણ વરસીતપ મહોત્સવ પ્રસંગે **સંકલ્પ પૂર્તિ સ્વરૂપ**




**માં પુષ્પ**

નું પ્રકાશન કરતાં અતિ આનંદ અનુભવીએ છીએ.

લાભાર્થી પરિવારની હાર્દિક અનુમોદના.

સા. જયદર્શિતાશ્રીજી.

# ૧. જીવનની બાજી

બાજી...

બાજી એ બાજી છે...

પછી પાનાની હોય તોય ભલે ને બેટ બોલની હોય તોય ભલે!

ધંધાની કે ધર્મની હોય... જીવનની કે મરણની હોય...

કોઇ પણ બાજી જીતવી હોય તો પહેલા જીતવાનો સંકલ્પ જોઇએ... જે પણ બાજી જીતવી હોય એનો અભ્યાસ જોઇએ... બાજી માંડતા આવડવી જોઇએ... બાજી રમતાં આવડવી જોઇએ... બાજી સમેટતા આવડવી જોઇએ..

નજર કરીએ આપણા જીવનની બાજી તરફ !

શું મળી ગયેલા અમુલ્ય માનવ જીવનને માનવ જીવનની બાજીને જીતી લેવાનો સંકલ્પ આપણી પાસે છે ખરો ? મળી ગયેલા માનવ જીવનનો અભ્યાસ આપણા જીવનમાં છે ખરો ? માનવ જીવનની... શ્રાવક કે સાધુ જીવનની બાજી માંડવાની... બાજી રમવાની આવડત આપણે કેળવી છે ખરી ? યથા સમયે જીવનની બાજીને સમજીને સમેટી લેવાની સાવધાની આપણી પાસે છે ખરી ?

સામાન્ય માનવીની પાસે આ બધાના જવાબ 'ના'માં હશે.

મહાપુણ્યથી મળી ગયેલા આ જીવનની પળોને જેમ તેમ વેડફી નાંખતા જીવોને જોઇને મહાપુરુષોએ આપણા ઉપર કરૂણા વરસાવી છે. આપણને સાવધાન અને જાગૃત કરવા માટે પ્રયાસ કર્યો છે.

ક્યારેક કોક જીવનો પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય જાગે અને એ જીવ એ દિશામાં જાગી જાય છે... બગડતી બાજીને સંભાળી અને સુધારી લેવાનો પ્રયત્ન કરે છે.

**જીવનને જીવી જવું એ જુદી વાત છે... અને જીવનને જીવી જાણવું એ જુદી વાત છે.**

ભવભ્રમણમાં ભમતા ભમતાં અનેકવાર આપણને મનુષ્યનો ભવ મળ્યો હશે... અનેકવાર કદાચિત જિનેશ્વર પરમાત્માનું શાસન પણ મળ્યું હશે.... પરંતુ સાચી સમજણ વિના આપણે કેવળ સંસારના... શરીરના... બાહ્ય સુખોમાં જ રાચ્યા... માચ્યા હશું... સારું ખાવું... સારું પીવું... સારું પહેરવું... સારું ભોગવવું... સારું-સારું ભેગું કરવું. એમાં જ જીવન વીતાવી એ જ ભાવોમાં જીવન ગુમાવ્યું હશે. આ બધું સારું - સારું મેળવવા ભગવંતે ભાખેલા માર્ગને છોડીને... ભુલીને... ત્યાગીને આપણે પરમાત્માની આજ્ઞાના વિરાધક પણ બન્યા હશું.

**જાગત હૈ સો પાવત હૈ... સોવત હૈ સો ખોવત હૈ ।**

મોહ નિદ્રામાંથી જાગે તે પરમાત્માના પંથને પામે છે પરંતુ જે જીવમોહનિદ્રામાં પોઢેલો છે તે કેમ પામી શકે ? લલાટે તો પામવાના બદલે ગુમાવવાના જ લેખ લખાયેલા હોય છે.

એક હતી નગરી...

એમાં વસે એક વાણિયો... ધંધામાં હોશિયાર...

ધંધામાં વધારે હોશિયારી આવે ત્યારે માનવને કેવી રીતે ભૂલાવે અને લાભના ભાવથી અધર્મના રસ્તે ચઢાવી એના કેવા

હાલ કરે છે એની આ કહાની છે.

વેપારીને ધન વ્હાલું હોય એ વાત સાચી પરંતુ ધન કમાતા જો ધર્મ પૂર્વકનું ધન હોય... ન્યાય - નીતિ પૂર્વકનું હોય તો એ તારક બને છે. અન્યથા એ મારક બનીને સંસાર અટવીમાં રખડાવનાર બને છે.

વાણિયો દુકાને બેઠો છે... ત્યાં એક ભરવાડણ કપાસ લેવા આવી. વેપારીએ જાણ્યું બેન સરળ છે... એની સરળતાનો લાભ લઇ લઉં. એણે કહ્યું - ''બેન હમણાં કપાસ બજારમાં ઓછું આવ્યું છે એટલે ઘણું જ મોંઘુ છે. છતાં તમને વ્યાજબી ભાવે આપું છું ?'' એમ કહીને એક રૂપિયાના કપાસના એની પાસેથી બે રૂપિયા લઇ લીધા.

બેન બે રૂપિયા આપી, માલ લઇ ઘેર ગઇ. વાણીયાભાઇ ઘણાં જ ફૂલાયા... આજ કેવી સહજતાથી રૂપિયો કમાઇ લીધો... આજે તો મજા કરીશું... ખાશું-પીશું... આનંદ આવશે... એમ વિચારી રૂપિયાના ઘી-ખાંડ-ઘઉં લઇને ઘરે મોકલ્યા સાથે સંદેશો મોકલ્યો આજે ઘેવર બનાવજો.

ધર્મપત્નીએ પતિની ઇચ્છાનુસાર ઘેવર બનાવ્યા. ઘેવર તૈયાર થતાં જ જમાઇ ગામોગામ ફરતાં મિત્ર સાથે આવી પહોંચ્યા. સાસુ તો રાજીના રેડ થઇ ગયા... જમાઇ કઇ સાસુને વહાલા ન હોય ? સાસુજીએ પ્રેમથી... આગ્રહ કરીને જમાઇને ઘેવર ખવડાવ્યા ઉતાવળ હોવાથી જમાઇરાજ તરત જ વિદાઇ લઇ ગયા.

સાંજે વાણિયાભાઇ ઘેવર ખાવાના સપના જોતાં... આજે જમવામાં મજા આવશે એમ વિચારતાં... ઘર ભણી આવ્યા...

હાથ-પગ ધોઈને જમવા બેઠા. થાળી પિરસાણી, થાળીમાં રોજનું સાદું ભોજન જોતાં જ પત્નીને પૂછ્યું - ''કેમ ! મેં મોકલેલ ઘી-ખાંડ-ઘઉં ન મળ્યા... મેં ઘેવર બનાવવાનો સંદેશ મોકલ્યો તે મળ્યો? કેમ ઘેવર ન બનાવ્યા ?''

પત્નીએ કહ્યું - ''બધી જ વસ્તુઓ મળી... સંદેશો મળ્યો... ઘેવર પણ બનાવ્યા... પરંતુ જ્યાં ઘેવર તૈયાર થયા ત્યાં જ ફરતાં ફરતાં જમાઈરાજ મિત્ર સાથે પધાર્યા. એ ઘેવર જમી ગયા એટલે આપણા માટે સાદી રસોઇ બચી છે.''

પત્નીની વાત સાંભળી વાણિયો ચમક્યો... વિચારવા લાગ્યો... આ તો ગજબ થઇ ગયું... ''ઘેવર ખાવાના લોભમાં એક ગરીબ અને સરળ ભરવાડણને મેં છેતરી... છેતરવાનું પાપ મેં કર્યું... ઘેવર બીજો જ ખાઇ ગયો.'' વાણિયો સંસારની વિચિત્રતાને વિચારતો થયો.

ત્યાં ઘરમાંથી બહાર નિકળતાં મુનિભગવંત મળ્યા. વાણિયાએ મુનિરાજને ક્ષણવાર ઉભા રહી પોતાની વાત સાંભળવા કહ્યું.

મુનિરાજે કહ્યું - ''ભાઇ ! હું મારા કાર્ય માટે જાઉં છું... મને ઉતાવળ છે... તેથી ઉભું રહી શકાય એમ નથી.''

ત્યાં વાણિયાએ કહ્યું - ''આ વિશ્વમાં બધા જ પોતાના કાર્ય માટે જાય છે. બીજાના કાર્ય માટે કોણ જાય છે ? તેમ હું મારા કાર્ય માટે જાઉં છું એમ કેમ કહ્યું ?''

મુનિરાજે કહ્યું - ''બંધુ ! આ સંસારમાં બીજા માટે દુઃખી થનારા ઘણા છે. બીજાની ક્યાં વાત કરીએ પરિવાર આદિના કારણે

પીડાતો એવો તું જ એનું દૃષ્ટાંત છે.''

મુનિરાજની વાત સાંભળતાં જ વાણિયાને એક ઝટકો લાગ્યો. મારા જીવનની દોડાદોડ કોના માટે ? મારા માટે ? કે પત્ની -પુત્ર- પરિવાર માટે ? મારા દેહ માટે કે મારા આત્મા માટે ? બસ ! આત્મા જાગી ગયો. જ્ઞાન દૃષ્ટિ ખુલી ગઇ. અજ્ઞાન દશા દૂર ભાગી.

આજ દિવસ સુધી શું શું કર્યું ? મહામુલા માનવભવની અણમોલ પળો ગુમાવી દીધી... હવે સાચો માર્ગ હાથ આવી જાય તો જીવન સફળ બની જાય... ધન્ય બની જાય...

મુનિરાજ પાસે સત્સંગ કર્યો... સંસારનું સ્વરૂપ સમજાયું... સંસાર અસાર ભાસ્યો... સંયમ રંગ લાગ્યો.. સાધુ બની સાધના કરી... સિદ્ધિ વધુને વર્યા.

આ વાત ને પૂજ્યપાદ વીરવિજયજી મહારાજાએ પૂજામાં બહુ સુંદર રીતે વર્ણવી છે -

**નૈગમ એક નારી ધુતી પણ, ઘેબર ભુખ ન ભાંગી ;**
**જમી જમાઇ પાછો વળીયો, જ્ઞાન દશા તવ જાગી...**
**બાજી ભુલ્યો બાજી.**

આવી ઘટનાઓ આપણા જીવનમાં પણ બનતી હશે. કહેવાય છે ને **'દગો કોઈનો સગો ન થાય'** આપણને એમ થાય કે મેં ફલાણાને ઠગ્યો.. કે છેતર્યો... પરંતુ ખરેખર તો આપણે આપણી જાતને જ ઠગીએ છીએ. છેતરીએ છીએ. આપણે ક્યારેક કોકને છેતરીએ અને કાંઇક મેળવીએ અને બીજી જ ક્ષણે કુદરત આપણને એક યા બીજી રીતે ફટકો મારીને લૂંટી લે.

આવી ઠોકરો માનવીને ઘણી વાર લાગે છે. પરંતુ મોહ નિદ્રામાં પડેલાને બીજાને છેતરવાથી મળે છે તે જ દેખાય છે અને કુદરત કેવી રીતે વસુલ કરે છે તે દેખાતું જ નથી... સમજાતું જ નથી. આવા જીવો અજ્ઞાનતાથી છેતરવાની અને ઠગવાની બાજીઓ રમ્યા કરે છે અને સંસારમાં ભમ્યા કરે છે.

આવું આપણે અનંતીવાર કર્યું છે... કરીએ છીએ.

પ્રભુનું શાસન મળ્યું... તારક તત્વજ્ઞાન મળ્યું... જગાડનાર ગુરુ ભગવંતો મળ્યા. આ અવસર છે અજ્ઞાન દૂર કરવાનો અને જ્ઞાન દશાને જગાડવાનો. આપણને પણ એવી એકાદ જોરદાર ઠોકર લાગે.. મોહનિદ્રા દૂર થાય.. અજ્ઞાન ભાગે અને જ્ઞાનદશાને પામીએ.

અનાદિથી બગડેલી બાજી સુધરી જાય...

હારની બાજી જીતમાં પલટાઇ જાય.

જીવનબાજીના સોગઠાં એવી રીતે ગોઠવી દઇએ કે આજીવન એક એક પલ પાવનકારી બની જાય... જીવનની એક એક ક્ષણ મંગલકારી બની જાય... જીવનની પ્રત્યેક કલા સ્વ પર કલ્યાણકારક બની જાય.

ચાલો ! સાચો સંકલ્પ કરીએ...

સારી બાજી રમવા સત્ય પુરુષાર્થ આદરીએ...

જીવનની બાજીને જીતીને જ રહીએ.

જે જીવનની બાજીને જીતે છે તે જ મૃત્યુને સમાધિ મરણ બનાવે છે... મૃત્યુને મંગલમય મહોત્સવ બનાવી સદ્‌ગતિને પરંપરા દ્વારા સિદ્ધગતિને પામે છે...

# ૨. ઉપાધિમાં સમાધિ

સમય સમયનું કામ કરે છે...

એક સમય શ્રદ્ધાજીવી માનવીઓનો હતો આજનો સમય બુદ્ધિજીવીઓનો છે... જેમ જેમ બુદ્ધિ વધતી (?) ગઇ તેમ તેમ શ્રદ્ધા ગાયબ થતી ગઇ એનું પરિણામ એ જ આવ્યું કે આર્ય ધરતિનો માનવી ધર્મ અને ધર્મગુરુઓ પરથી પોતાની શ્રદ્ધા ગુમાવી બેઠો.

નાનાથી માંડીને મોટા સુધી... ગરીબથી માંડીને અમીર સુધી... અશિક્ષિતથી માંડીને શિક્ષિત સુધી બધા પોતપોતાની બુદ્ધિ પ્રમાણે વિચાર કરીને જીવનનું ધોરણ નક્કી કરવા લાગ્યા. એનું પરિણામ જે આવવું જોઇએ તે જ આવ્યું. આજનો માનવ ગુમરાહ બની ગયો. પહેલાના માનવ પાસે જે સુખ અને શાંતિ હતી એ પણ આજનો માનવી ગુમાવી બેઠો. સ્વને બુદ્ધિશાળી અને હોશિયાર માનતો માનવ જ્યાં ત્યાં અથડાવા લાગ્યો.

સ્વયંના જીવનમાં સુખ અને શાંતિ લાવવા એ દોડવા લાગ્યો... સવારથી સાંજ સુધી અને સાંજથી સવાર સુધી દોટ ચાલુ જ છે. રોજ..બ..રોજ નવા નવા ભૌતિક સુખના સાધન વસાવવા લાગ્યો. માનવને સુખી બનાવવા વિજ્ઞાને રોજ રોજ નવી શોધો વિકસાવી.

દૂર બેઠેલા સાથીના વિરહને વિસરવા... ટેલીફોન આવ્યો દૂર બેઠેલા સ્નેહીને જલ્દીથી મળવા... પંખીની જેમ આકાશમાં ઉડવાના સ્વપ્નને સાકાર કરવા વિમાનની શોધ થઇ.

ગરમીથી પરેશાન બનેલા તન.. મન.. જીવનને શાંતિ અર્પવા... વિજ્ઞાને માનવીના ચરણે પંખા... એર કુલર... એર કંડીશન અને ફ્રીજ જેવી વસ્તુઓની ભેટ ધરી.

ઠંડીને દૂર કરવા હીટર આવી ગયા. દિવસભરના થાકને... માનસિક તાણને દૂર કરવા રેડિયો... ટી.વી. અને વીડીયો જેવા મનોરંજનના સાધનો એની સામે આવ્યા.

આવા સુખના અનેક સાધનો હોવા છતાં બધા જ સુખના સાધનોની વચ્ચે આજનો માનવી દુઃખી છે નવા નવા ભૌતિક સાધનો એ એના ઉશ્કેરાટને શમાવવાને બદલે એના ઉશ્કેરાટને વધારે ભડકાવ્યો છે. તે હકીકત છે.

રખે એવું માની લેતા કે સંસાર પહેલા સારો હતો ને હમણાં જ સંસાર ખરાબ થયો છે. **સંસાર તો હંમેશા સળગતો સમસ્યાનો સાગર જ છે.** ભૂતકાળમાં પણ દુઃખથી ભરેલો હતો એટલે જ વીર પરમાત્માએ તેને અસાર કહ્યો. વર્તમાનમાં પણ દુઃખથી ભરેલો છે અને ભવિષ્યકાળમાં પણ એવો જ રહેવાનો છે. એટલે જ ત્રણે કાળમાં સંસાર અસાર તેમજ આધિ.. વ્યાધિ.. ઉપાધિથી ભરપૂર જ છે.

રામને પણ અયોધ્યાના સિંહાસનને બદલે વનવાસ અપાવા કૈકયી જેવી અપર માતા મળી.

બ્રહ્મદત્તને પણ મારી નાખવાના પ્રયાસ કરનાર ચુલણી જેવી માતા મળી હતી.

ચક્રવર્તી ભરતને પણ આજ્ઞા માનવાને બદલે યુદ્ધ ચડનાર બાહુબલી જેવો ભાઇ મળ્યો હતો.

પરદેશી રાજાને પણ મારી નાખવાની ઇચ્છાથી ઝેર આપનાર સૂર્યકાંતા જેવી પત્ની મળી હતી.

સતી કલાવતીને પણ શંકાના કારણે જંગલમાં છોડી દેનાર અને કાંડા કપાવનાર પતિ મળ્યો હતો.

સુભદ્રા જેવી સતીને પણ માથે કલંક દેનાર સાસુ અને નણંદ મળ્યા હતા.

સમ્રાટ શ્રેણિકને પણ જેલમાં પૂરના કોણિક જેવો પુત્ર મળ્યો હતો.

ચંદનબાળા જેવી સતીનું પણ ભરી બજારમાં લીલામ થયું હતું.

બત્રીસ હજાર દેશના સ્વામી સનત્ ચક્રવર્તિનું શરીર ક્ષણવારમાં સોળ સોળ રોગોથી ઘેરાઇ ગયું હતું.

શ્રીપાળને પણ ઉપકારનો બદલો અપકારથી વાળનાર ધવલ શેઠ મળ્યા હતા.

વધારે શું કહીએ દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીને પણ તેજોલેશ્યા છોડનાર ગોશાળો મળ્યો હતો.

પણ આવા આધિ... વ્યાધિ... અને ઉપાધિથી ભરપૂર સંસારની વચ્ચે પણ આર્યવર્તના પૂર્વજોએ સમાધિ મેળવી હતી.

સંસાર સાગરમાં પડેલી કાંકરીઓથી ઉઠેલા તરંગોએ એમના જીવનને અશાંત નહોતા કર્યા.. એમના જીવનની મસ્તીને લુંટી ન શક્યા... એમની સમાધિને સળગાવી ન શક્યા.

એમની સમાધિનું રહસ્ય શું હતું ?

પડદા પાછળનું સત્ય શું હતું ?

ઉપાધિમાં સમાધિ પામવાની જડીબુટ્ટી કઇ હતી ?

**કોર્ટમાં ચાલી રહેલા કેસમાં જીતવા વકીલની સલાહ લેવાય છે. દેહમાં ઘર કરી બેઠેલા દર્દને દૂર કરવા ડૉક્ટરની સલાહ લેવાય છે. હીરા ખરીદવા ઝવેરીની સલાહ લેવાય છે જીવનના વ્યવહારમાં પત્નીની સલાહ લેવાય છે. સંકટ સમયે મિત્રની સલાહ લેવાય છે.**

પણ હે માનવી ! સળગેલા સંસારમાં તું કોની સલાહ લેવા જઇશ ?

ડૉક્ટરને બદલે વકીલની પાસે દવા લેવા જનારનું દર્દ વિદાય તો લેતું જ નથી. પણ ક્યારેક જીવલેણ બની જાય છે.

કેસ જીતવા માટે વકીલને બદલે ડૉક્ટરની સલાહ લેનાર કદી કેસ તો જીતી જ શકતો નથી પણ ક્યારેક જેલમાં ફસાઇ જાય છે.

તેવી જ રીતે સંસારની આધિ..વ્યાધિ..અને ઉપાધિની વચ્ચે સમાધિ પામવાની સલાહ લેવા. જે સંસારના પામર જીવો પાસે જાય છે. તે પોતે ડૂબે છે અને બીજાને પણ ડૂબાડે છે. એવા જીવોની સલાહ ન લેવાય જેઓ સંસારમાં સમાધિ પામ્યા છે. એમની સલાહ

લેવાય એમના બતાવેલા માર્ગે આગળ વધાય.. એમની આજ્ઞા પ્રમાણે જીવનનું ચણતર થાય તો જ ઉપાધિમાં સમાધિ મળે.

## ધર્મ અને વિજ્ઞાન

માનવીને તો પોતાના સુખનો મહેલ બનાવવો હતો...

એને તો મળેલા જીવનને સુખની છાયા અને શાંતિના શ્વાસમાં વિતાવવું હતું. સુખ અને શાંતિનો અખુટ ખજાનો પ્રાપ્ત કરવો હતો. સુખી બનવાના એના પ્રયાસોમાં એ તત્વ ટકરાયા એક જીવ તત્વ હતુ બીજું અજીવ તત્વ હતુ... એક આત્મ તત્વ હતું બીજું પુદ્ગલ તત્વ હતું. સુખની પ્રાપ્તિ માટે એક વિભાગે આત્માને પ્રાધાન્ય આપ્યું જ્યારે બીજા વિભાગે પુદ્ગલને પ્રધાનતા આપી.

આત્માના પ્રાધાન્યનો સ્વીકાર કરનારાઓએ ધર્મને જન્મ આપ્યો અને પુદ્ગલના પ્રાધાન્યનો સ્વીકાર કરનારાઓએ વિજ્ઞાનને જન્મ આપ્યો. ધર્મ આત્મિક શાંતિ અને અક્ષય સુખનો માર્ગ બતાવે છે... જ્યારે વિજ્ઞાન ભૌતિક સુખ અને ક્ષણિક શાંતિનો માર્ગ આપે છે.

જેમણે ભૌતિક સુખનો માર્ગ અપનાવ્યો એમને ક્ષણિક સુખ મળ્યું.. પણ એ સુખ એમના દુ:ખને રોકી ન શક્યું. ક્યારેક ક્ષણિક સુખનું સાધન એના જીવનમાં મહાન દુ:ખનું નિમિત્ત બની ગયું.

વિજ્ઞાન માનવીને રોકેટમાં બેસાડીને ચન્દ્ર પર લઇ ગયું... એનો વિકાસ માનવીને દુનિયાના સર્વોચ્ચ શિખર એવરેસ્ટ પર પહોંચાડે છે... એના બતાવેલા વિવિધ સાધનો દ્વારા ગણતરીની પળોમાં માનવ સાગરના ઉંડાણને માપી આવ્યો... પણ.. પણ..

પણ અફસોસ સાથે કહેવાનું જે એ વિજ્ઞાન માનવીને શાંતિની નગરીમાં ન પહોંચાડી શક્યું... વિજ્ઞાન શાંતિના શિખરને સર ન કરી શક્યું... શાંતિના સાગરમાં ડુબકી ન મારી શક્યું.. **હે વિજ્ઞાન! શત્રુઓના લાખો માણસોનો ક્ષણમાં સંહાર કરી શકે એવા અણુબોમ્બ બનાવી શક્યો...પણ અણમોલ માનવ જીવનને ખેદાન-મેદાન કરી નાખતા અશાંતિના નાશ માટે તું કોઇ જડીબુટ્ટી ન શોધી શક્યો. માનવ જીવનમાં શાંતિની હોળી સળગાવનાર અશાંતિનો તું નાશ ન કરી શક્યો.** પણ આજનો માનવી વિજ્ઞાનના ક્ષણિક સુખના સાધનોમાં અંજાઇ ગયો છે... એ પોતાનાં અંજામને ન સમજી શક્યો.

જેમણે જીવતત્વ... આત્મતત્વની ઓળખાણ કરી... જેમણે અક્ષયસુખનો માર્ગ અપનાવ્યો, એમણે દુઃખના ડુંગર તુટી પડે તો પણ સુખ અને શાંતિ ન ડગે એવો મહાન સુંદર અને સાચો માર્ગ ધર્મે આપ્યો. ધર્મ તેમને રોકેટમાં બેસાડીને ચંદ્રલોકનો પ્રવાસ નથી કરાવતો... સબમરીનમાં બેસાડીને સમુદ્રના અતુલ ઉંડાણમાં નથી લઇ જતો પણ એ તો તમને સમ્યગ્ ધર્મની જ્ઞાન અને ક્રિયાની બે પાંખોથી આરાધનાના આકાશમાં ઉડાવીને સુખ... શાંતિ અને મુક્તિની સફરે લઇ જાય છે.

ધર્મ તત્વને પામ્યા વગર... સમજ્યા વગર સંપત્તિ... સત્તા...રૂપ...ચતુરાઇ... અને બુદ્ધિની પાછળ દોડનારી આ દુનિયાની દર્દભરી કહાની આપણે બધાં જ જોઇ રહ્યા છીએ. સુખ

અને શાંતિની શોધમાં આજે કોઇ માથેરાન જાય છે. કોઇ આબુ જાય છે... કોઇ કાશ્મીર જવા નિકળી પડે છે... કોઇ સિનેમા થિયેટરનો સહારો લે છે... કોઇ બીઅર બાર કે વાઇન બારમાં પ્રવેશ કરે છે. સંસારના દાવાનળમાં શેકાઇ રહેલા... અશાંતિની આંધીથી અકાળયેલ માનવીને કદાચ ત્યાં ક્ષણિક શાંતિનો આભાસ થાય છે. પણ એ ક્ષણિક શાંતિના અંતરંગમાં કાયમી અશાંતિના બીજ પડેલા હોય છે, જે એના જીવનને ઘેરી વળે છે અને જીવન બરબાદીની ખીણમાં ગબડી પડે છે.

ઓ માનવી ! આટલું તો જરૂર સમજી લેજે કે **ધર્મ વિનાનો પૈસો પણ તને નરકમાં લઇ જશે... ધર્મ વિનાનું રૂપ અને યૌવન જીવનનો વિનાશ નોતરશે... ધર્મ વિનાની સત્તા પણ તને સદ્‌ગતિ નહીં આપી શકે. ધર્મ વિનાની બુદ્ધિ ચતુરાઇ હોશિયારી વિનાશ સર્જ્યા વગર નહીં રહે.** ધર્મનો સહારો લઇને... ધર્મ તત્વની ઓળખાણ કરીને અનેક ચોર... લુંટારા હત્યારા.. પાપી દુરાચારી સંસાર સાગરને તરી ગયા છે... શાશ્વત સુખને પામ્યા છે.

જુઓ પેલાં મગધના સમ્રાટ શ્રેણિક મહારાજા... પુત્ર કોણિક રાજ્યના લોભે પિતાને કેદ કરે છે... મહેલના રહેવાસી શ્રેણિક રાજાને જેલમાં રહેવું પડ્યું... એ પણ ઓછુ હોય તેમ રોજ સેવકો દ્વારા ૧૦૦ કોરડાના... મીઠાના પાણીમાં ભીંજાવેલા ફટકા... તો પણ શ્રેણિક મહારાજાના જીવનમાં ક્ષણવાર પણ અશાંતિ ન

આવી... તેઓ દુઃખી ન થયા... તેમના જીવનની પ્રસન્નતામાં ક્યાંય કમી ન આવી... તેઓ પરમ શાંતિમાં જીવી શક્યા... કારણ ? ધર્મ તત્વ દ્વારા તેઓ ઉપાધિમાં સમાધિ પામવાની કળા શીખી ગયા હતા.

અરે ! કર્મોએ શ્રેણિક મહારાજાને ત્રીજી નારકીના મહેમાન બનાવ્યા. જ્યાં દુઃખ... દર્દ... વેદના વગેરેનો પાર નથી, છતાં ત્યાં પણ શ્રેણિક મહારાજાના આત્માને પરમ શાંતિ છે... કારણ ? કારણ એક જ છે સમ્રાટ શ્રેણિક મહારાજાએ ધર્મનું શરણ સ્વીકાર્યું છે. ધર્મના ચિંધેલા માર્ગે ચાલી રહ્યા છે... અને એના જ ફળ સ્વરૂપ સંસારનું સર્વશ્રેષ્ઠ પદ... તીર્થંકર પદ પ્રાપ્ત કરીને અંતે અક્ષય સુખના સ્વામી બનશે.

ધર્મ તત્વની સહાયતાથી જ જંગલમાં મંગલ માણી શક્યા હતા ભગવાન શ્રી રામ.

ધર્મની સાચી સગાઈથી જ સોળ સોળ રોગોથી ઘેરાયેલી કાયામાં સમાધિ મેળવી શક્યા હતા સનત્કુમાર.

ધર્મની સાચી સમજણ અને આરાધનાએ સુભદ્રાને કલંક પામવા છતાં શાંતિને પામીને એ કલંકનું નિવારણ કરવાની શક્તિ આપી હતી.

વર્તમાન યુગમાં પણ જે સાચા ધર્મને પામી શકે છે, તેવી જ ઉપાધિની વચ્ચે પણ સમાધિ પામી શકે છે. જેઓ ધર્મને સમજી નથી શક્યા તેઓ સમાધિમાં પણ ઉપાધિને ઉભી કરી જીવનને દુઃખી બનાવી દે છે. **આપણા મનમાં જ સમાધિ છે... આપણા**

**મનમાં જ ઉપાધિ છે. ધર્મમાં જોડાયેલું મન સમાધિ સાધી શકે છે. જ્યારે સંસારની મમતા અને આસક્તિમાં જોડાયેલું મન ઉપાધિ ઉભી કરી શકે છે.**

જે ધર્મનું શરણ પામીને અનંત આત્માઓએ સમાધિ કેળવી અને મેળવી છે એ જ ધર્મની શરણાગતિ સ્વીકારી આપણે પણ સમાધિની સાધનાના સફળ સાધક બનવાનું છે.

જીવનમાં સમાધિ હશે તો જ મરણમાં સમાધિ મળશે.

જીવન જો ધર્મ તત્વ સાથે જોડાશે તો જ તને સમાધિની અનુભૂતિ થશે.

સમાધિ મરણની સાધના કરવા ધર્મ અમૃતના પાન અતિ આવશ્યક છે.



# ૩. મોત સાથે મૈત્રી

એક હતું નગર...

સુખ - સમદ્ધિથી ભરપૂર...

ધર્મ પ્રેમીઓનું નિવાસ સ્થાન...

મંદિરથી શોભતું...

પૂજા પાઠ... દાન... દયાથી દિપતું...

સંતોના આવાગમનથી પાવન...

એકદા નગરમાં જ્ઞાની સંતની પધરામણી થઇ...

નગરવાસીઓએ સંતનું સુંદર સ્વાગત કર્યું...

સ્થિરતા કરવા અને ધર્મ સમજાવવા નમ્ર વિનંતી કરી...

સંતે આગ્રહ ભરી વિનંતીનો સ્વીકાર કર્યો...

દરરોજ સવાર-સાંજ પ્રવચન થવા લાગ્યા...

સંતની વાણીમાં જાદુ ભર્યો હતો...

વાણીમાં મધુરતા હતી... સરળતા હતી...

સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે એવી એમની અનોખી વક્તૃત્વ શક્તિ હતી.

દિવસે દિવસે પ્રવચનમાં આવનારાઓની સંખ્યા વધવા લાગી..

ચોરે ને ચૌટે સંતના અને એમની વાણીના વખાણ થવા

લાગ્યા.. કદિ મંદિરના પગથિયા ન ચઢનાર નિયમિત દર્શન-પૂજા-ભક્તિ કરવા લાગ્યા... ધર્મને ન માનનારા સંતના ચરણોમાં આળોટવા લાગ્યા... નગરીમાં સર્વત્ર ધર્મનો રંગ ફેલાયો હતો...

એક દિવસ સંતના પ્રવચનોની પ્રશંસા સાંભળી એક શેઠજી પ્રવચનમાં આવ્યા... પ્રવચન સાંભળતા... માનવ જીવનનું મહત્વ અને સંપત્તિની ક્ષણભંગુરતા સાંભળતા એમની આંખોમાંથી ચોધાર આંસુઓની ધારા વહેવા લાગી... દરરોજ અનેકોને રડાવનારો આજે સ્વયં રડી રહ્યો હતો...

પ્રવચન પૂર્ણ થયું... ધીરે ધીરે સભા વિખરાઇ ગઇ..

સભા મંડપ ખાલી થઇ ગયો... પણ શેઠજી હજી પોતાના સ્થાને જ બેઠા હતા... કાંઇક વિચારોમાં ખોવાયેલા હતા... ''શેઠજી ! આપને ઘરે નથી જવું ?'' આ શબ્દો શેઠના કાને અથડાયા.. શેઠ વિચારોમાંથી બહાર આવ્યા... ઉઠીને ઉભા થઇ ગયા... પાસે જ મંદ મંદ સ્મિત કરતા સંત ઉભા હતા.

શેઠ સંતના ચરણોમાં પડી આજીજી કરવા લાગ્યા.. - ''ગુરૂદેવ ! મને બચાવી લો... મને બચાવી લો... હું તમારો ઉપકાર ક્યારેય નહીં ભૂલું.''

સંતે શેઠજીને ઉભા કર્યા - ''કેમ ? શું થઇ ગયું છે ? શેમાંથી બચાવી લઉં ?''

શેઠજી કહી રહ્યા હતા - ''ગુરૂદેવ ! દુનિયા મને શેઠ કહે છે. મારી તિજોરી રૂપિયાથી છલકાઇ ગઇ છે... મારો વ્યાપાર ધમધોકાર ચાલી રહ્યો છે. મારા દિકરાઓ ચતુર અને હોશિયાર

છે... પરંતુ... પરંતુ ગુરૂદેવ ! મારું આખું જીવન ઘણા બધા પાપોથી ખરડાયેલું છે... પૈસા કમાવવા અને દુનિયાના સર્વ સુખોને મેળવવા મેં હિંસાઓ કરી છે. મે અસત્યનો સહારો લીધો છે... મેં ઘરાકોને છેતર્યા છે...

મેં અબ્રહ્મનું સેવન કર્યું છે... મેં ક્રોધ અને અહંકારથી કાળો કેર વર્તાવ્યો છે. દુનિયાના જીવો સાથે અયોગ્ય વ્યવહાર કર્યો છે... લોભે મારી પાસેથી સર્વ પાપો કરાવ્યા છે... મેં ધર્મની મજાક-મશ્કરી ઉડાવી છે. મેં ધર્મીઓની નિંદા કરી છે... સંતોના અપમાન કર્યા છે... કોઇ પાપ કરવામાં મેં પાછું વાળીને જોયું નથી... આજે આપનું પ્રવચન સાંભળી મારી આંખ ખુલી ગઇ છે... મને મારા પાપો ડંખી રહ્યા છે. તેથી જ તમારા ચરણોમાં... શરણમાં આવ્યો છું... તમે મને બચાવી લો...''

શેઠજીની વાત સાંભળી સંતે શેઠને કહ્યું - ''શેઠજી ! હું તમને બચાવી શકું તેમ નથી... તમે મોડા પડ્યા છો... સમય હાથમાંથી સરકી ગયો છે... હવે તમારી પાસે સમય નથી.''

શેઠ સંતની વાતમાં કાંઇક સમજ્યા... કાંઇક ન સમજ્યા હોય એવું લાગ્યું...

સંતે ફરીથી કહ્યું - ''શેઠજી ! આયુષ્યની દોરી તૂટી રહી છે... બસ આજથી બરાબર દસમે દિવસે તમારે આ દુનિયામાંથી વિદાય લેવાની છે..''

સંતની વાણી સાંભળી શેઠજી ધ્રુજી ઉઠયા... એક આપત્તિમાંથી બહાર આવે એનાથી પહેલા બીજી આપત્તિ આવી

ઉભી રહી...

શું દસ દિવસમાં ભરેલી દુનિયામાંથી... ભરેલી દુકાનમાંથી... ભરેલા ઘરમાંથી ખાલી હાથે ચાલ્યા જવાનું છે ?

તો પછી જિંદગીની આ ધમાલ શા માટે ?

સહુની સાથેનો ક્રોધ - અહંકાર યુક્ત વ્યવહાર શા માટે ?

જાણે શેઠના જીવન પરિવર્તનની પાવન પળ આવી પહોંચી... શેઠે મનમાં કાંઇક સંકલ્પ કર્યો... ફરી એકવાર સંતના આશીર્વાદ લીધા... અને ઘર તરફ પાછા ફર્યા... આજે એમનો સહુની સાથેનો વ્યવહાર બદલાઇ ગયો હતો.

ઘરમાં શાંતિપૂર્ણ વ્યવહાર... દુકાનમાં નોકરો સાથે નમ્રતાપૂર્વકની વાતચીત... વારંવાર સહુની સાથે ક્ષમા યાચના અને ''મિચ્છામિ દુક્કડં'' કરવા લાગ્યા... પોતાના દુષ્ટ વ્યવહાર માટે વારંવાર પશ્ચાતાપ કરવા લાગ્યા.

નથી ક્યાંય ગુસ્સાથી રાડારાડ... નથી ક્યાંય કોઇને ઉતારી પાડવાની વાત... અત્યંત શાંતિપૂર્વક નવ દિવસ પસાર થયા...

નવમા દિવસે રાતે શેઠ ઉંઘી ન શક્યા... આજની રાત મારા જિંદગીની અંતિમ રાત છે... પછી શું થશે ? ક્યાં જઇશું ?... એની ચિંતા થવા લાગી... ફરી ફરી પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા... પ્રભુનું નામ સ્મરણ કરવા લાગ્યા...

દસમા દિવસની પ્રભાત થઇ... શેઠ ઉઠ્યા... નિત્યક્રમ પતાવી પ્રભુજીના મંદિરે ગયા... દર્શન, પૂજા, ભક્તિ કરી... ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા... આજે ગમે તે સમયે યમ રાજા

ત્રાટકી શકે છે તે સમયે તમે મને શરણ આપજો એવી પ્રાર્થના કરી. આખા દિવસના મૌનનો સ્વીકાર કર્યો. ઘેર જઇને મૃત્યુની પ્રતિક્ષામાં આખો દિવસ ભક્તિમાં પસાર કર્યો.

દસમો દિવસ ગયો... રાત પસાર થઇ... પણ મોત ન આવ્યું...

અગ્યારમા દિવસની પ્રભાત થઇ...

શેઠજી સ્નાનાદિથી પરિવરીને સંત પાસે ગયા... સંતના ચરણોમાં નમસ્કાર કરી કાંઇ કહેવા જાય ત્યાં સંતે સામેથી પ્રશ્ન પૂછ્યો - ''શેઠજી ! છેલ્લા દસ દિવસમાં કેટલા પાપ કર્યા ?''

''ગુરૂદેવ ! માથે મોત ભમતું હોય ત્યારે જીવ પાપ કેવી રીતે કરી શકે ? અર્થાત્ છેલ્લા દસ દિવસમાં મેં એક પણ પાપ કર્યું નથી.''

શેઠની વાત સાંભળી એમને હિતશિક્ષા આપતાં સંતે કહ્યું ''જેને પાપમુક્ત જીવન જીવવું હોય એણે સતત મૃત્યુને નજર સામે રાખીને જીવન જીવવું જોઇએ. મોત ક્યારે પણ... કોઇ પણ ક્ષણે કોઇ પણ સ્થળે આવી શકે છે... મૃત્યુના સમયે જીવનમાં મારું મારું કરીને ભેગું કરેલું બધું જ અહિંનું અહિં છોડીને ચાલ્યા જવાનું હોય છે. આ કાયાને પણ છોડી જવાની છે. આપણી સાથે આવશે કેવળ આપણે જીવન દરમ્યાન કરેલા શુભ કે અશુભ કર્મ.''

જીવન એવી રીતે જીવો જાણે આવતી પળે જ મરવાનું છે.

શેઠજી સંતના માર્ગને સમજી ગયા અને જાગૃતતા અને સાવધાનીથી બાકી રહેલું જીવન જીવ્યા... જીવનનો જંગ જીતી

ગયા...

* * * * * * * * * * * * * * * * * * * * * * *

ભરત મહારાજાએ ખાસ સેવક રાખ્યો હતો જે થોડીવારે ભરત રાજા સાંભળે તેમ નગારા વગાડે અને કહેતો જાય **''ચેત... ચેત... ભરત... કાળ નગારા દેત...''**

આપણા સહુના માથે પણ મોતની તલવાર લટકી રહી છે...

પછી આપણે સાવધાન કેટલા ?

**જ્યાં મોતની સ્મૃતિ છે ત્યાં આત્માની ઉન્નતિ છે...**

**જ્યાં મોતની વિસ્મૃતિ છે ત્યાં આત્માની અવનત્તિ છે...**

આપણે ક્યાં છીએ ?

મોતની સ્મૃતિમાં... કે મોતની વિસ્મૃતિમાં ?...

મોતની સ્મૃતિ માનવીને પાપથી દૂર રાખે છે... પવિત્ર જીવનના સ્વામી બનાવે છે... સદાચારી અને ગુણવાન બનાવે છે...

મોતની વિસ્મૃતિ માનવી પાસેથી ન કરવા જેવા સર્વ પાપ કરાવે છે... માનવીને દુર્ગુણી અને દુરાચારી બનાવી દુર્ગતિના ગર્તામાં ધકેલી દે છે.

આપણે પ્રવાસી છીએ... રહેવાસી નથી..

પ્રવાસી જ્યારે પોતાની જાતને રહેવાસી માની લે છે ત્યારે ઘણા બધા ગોટાળા થાય છે.

આપણે મુંબઇથી નાગેશ્વર જવા નિકળ્યા... ગાડી દિલ્હી જાય

છે પણ આપણે તો આલોટ સ્ટેશને ઉતરી જવાનું છે... ગાડી છોડી દેવાની છે. પણ જો કોઇ મુસાફરને ગાડી ગમી જાય... સીટ ગમી જાય... એને છોડવાનું મન જ ન થાય અને એ ત્યાં જ રહેવા માટે નિર્ણય કરે તો શું થાય ?

ગાડી પ્રવાસ માટે છે રહેવા માટે નથી... આ વાત જેને નથી સમજાતી તેને આપણે પાગલ કહીએ છીએ... ગાંડો કે ગમાર કહીએ છીએ..

પણ આપણે જાણતાં નથી કે જાણતાં અજાણતાં આપણો નંબર પણ એવા જ પાગલ... ગાંડા અને ગમારમાં લાગે છે.

મોતથી ડરવાનું નથી... મોતથી ભાગવાનું નથી... મોતની વાસ્તવિકતાને સમજવાની છે... સ્વીકારવાની છે... સતત એને નજર સામે રાખીને પવિત્ર જીવન જીવવાનું છે.

વીરના વારસદાર ક્યારેય મોતથી ડરતા નથી... દૂર ભાગતા નથી... એ તો સામે ચાલીને હસતે મોઢે મોતને ભેટવા... સત્કારવા તૈયાર હોય છે.

દેશભક્તોએ દેશની રક્ષા કાજે જેમ મોતને ભેટ્યા છે તેમ શાસનભક્તો શાસનની શાનને વધારવા વીરગતિને વર્યા છે.

યાદ કરો 'તિલક અમર રહો' ના બુલંદ નારાઓ સાથે ઉકળતાં તેલમાં ઝંપલાવી દેતા કપર્દિ મંત્રી અને એમની પત્ની !

યાદ કરો વ્રતોની વફાદારી માટે ધગધગતી શીલા પર અણસણ કરતા બાળ અર્ણિક મુનિ !

યાદ કરો શીલવ્રતની રક્ષા કાજે શુળીએ ચડવા તૈયાર થતાં

પેલા સુદર્શન શેઠને !

આપણી પાસે શું છે ?

મૃત્યુ સાથે મૈત્રી કે મૃત્યુ સાથે દુશ્મનાવટ...

મૃત્યુ છે માટે જીવન જીવવાની મજા છે. જો મૃત્યુ જ ન હોત તો જીવન ભારરૂપ બની જાત.

નવા કપડા સિવવા હોય તો દરજીને પહેલા કાતર ચલાવવી પડે છે... કાપકુપ કરવી પડે છે...

નવું મકાન બનાવવું હોય તો મજૂર રાખીને પૈસા આપીને પણ જૂનું મકાન તોડવું પડે છે...

**નવું સર્જન, વિસર્જન માગે છે.**

આપણી થાકેલી... જર્જરીત થયેલી કાયાનું વિસર્જન થાય તો જ આપણને નવી કાયા મળી શકે. એટલું જ નહિં પણ અંતે કાયા છૂટે તો જ મોક્ષ પણ મળી શકે.

જ્યાં સુધી કાયા સાથેની આસક્તિ અને મમતા છે ત્યાં સુધી વિસર્જનનો સ્વીકાર કે મોતનો સ્વીકાર દુઃખદાયી બની જાય છે.

જેની નજર દૂર દૂર સુધી પહોંચી શકે છે જે વિસર્જન પછીના સર્જનને નિહાળી શકે છે... જેને આત્માની અમરતાનો ખ્યાલ છે... દેહની ક્ષણભંગુરતાને જે જાણે છે એ તો મૃત્યુને હસતાં હસતાં સ્વીકારે છે... મૃત્યુને પ્રેમથી માણે છે... મૃત્યુને મહોત્સવ બનાવે છે.

આપણે અનંતા જન્મ-મરણ કરી ચૂક્યા છીએ પણ મરણ સમયે આપણા જીવનમાં આનંદ ન હતો... શોક હતો. મહોત્સવ ન

હતો પણ દુઃખ-ગમગીની-ઉદાસી અને હતાશા હતી.

હે નાથ !

આજે તારી પાસે એ જ પ્રાર્થના લઇને આવ્યો છું...

જીવન હું સુધારીશ... મારા મોતને તું સુધારજે...

જીવનની છેલ્લી પળોમાં તું મને સંભાળી લેજે...

મોહ ફસાવે નહિં... સંસારની માયા મુંઝાવે નહિં....

સંસારી સ્વજનોની પ્રીત મને પજવે નહિં...

અંતે તારો જ હાથ... તારો જ સાથ...

તારી જ સ્મૃતિ... તારું જ સ્મરણ...

તારું જ રટણ... તારું જ ભજન...

તારું જ નામ... તારો જ જાપ...

તારું જ ધ્યાન... તારું જ તાન...

તારું જ ચરણ... તારું જ શરણ...

તુંહિ... તુંહિ...તુંહિ...ભાવમાં સમાવી જાવું.

એવી જ ઇચ્છા છે... એ જ અભિલાષા છે...

પૂર્ણ કરવાની જવાબદારી તારી છે...

# ૪. મરણનું શરણ

મરણ પછી જન્મ હોય પણ અને ન પણ હોય, પણ જે જન્મે છે એનું મૃત્યુ અવશ્ય છે જ.

આપણે જન્મીએ છીએ તે પળથી જ ક્ષણે ક્ષણે મરણના નજીક જઇએ છીએ... સંસારમાં અનેક જીવોના મરણને જોઇએ છીએ છતાં સ્વયંના મરણનો ક્યારેય વિચાર કરતા નથી. આજે નહિં તો કાલે જે પરિસ્થિતિનો આપણને સામનો કરવાનો જ છે તે પરિસ્થિતિ માટે આપણે તૈયારી કેમ ન કરી રાખીએ. ઘરમાં લગ્ન પ્રસંગ જેમ જેમ નજીક આવતો જાય તેમ તેમ તૈયારીઓ જોરદાર ચાલુ થઇ જાય... પરીક્ષા જેમ જેમ નજીક આવતી જાય તેમ તેમ વિદ્યાર્થીઓના અભ્યાસના કલાક વધતા જાય... મરણ જેમ જેમ નજીક આવતું જાય માનવીએ તેમ તેમ વધારે ને વધારે સાવધાન થવું જોઇએ. પણ સામાન્યથી આમ બનતું નથી.

આપણે ક્યારેય મરણને જીવનની વાસ્તવિકતા તરીકે સ્વીકારતા નથી. મરણ માટે કોઇ તૈયારી કરતા નથી. તેથી જ મૃત્યુ અચાનક આવી પડતાં આર્ત-રૌદ્ર ધ્યાનમાં સરી પડતાં દૂર્ગતિ તરફ ખેંચાઇ જઇએ છીએ.

**મરણં સત્તરસવિહં, નાઉ તત્થંતિમાઇ મરણાઇ ।**

**પાયવઇ ગિણિમરણં, ભત્તપરિણ્ણં ચ કાયવ્વં ॥**

આજે આપણે જૈન શાસ્ત્રોમાંથી મરણ વિશે કાંઇક અવનવું જાણવા પ્રયત્ન કરીએ. જૈન શાસ્ત્રો કહે છે :- **સત્તર પ્રકારના મરણ જાણીને તેમાંના અંતિમ પાદોપગમન, ઈંગિની, અને ભક્ત-પરિજ્ઞા આ ત્રણમાંથી કોઇ એક મરણનો સ્વીકાર કરવો જોઇએ.**

સત્તર પ્રકારના મરણના નામ - (૧) અવીચિ (૨) અવધિ (૩) અંત્ય (૪) વલન્મરણ (૫) વશાર્ત (૬) અંતઃશલ્ય (૭) તદ્ભવ (૮) બાલ (૯) પંડિત (૧૦) બાલપંડિત (૧૧) છદ્મસ્થ (૧૨) કેવલી (૧૩) વૈહાયસ (૧૪) ગૃધ્રપૃષ્ઠ (૧૫) ભક્ત પરિજ્ઞા (૧૬) ઈંગિની અને (૧૭) પાદોપગમન.

**૧. અવીચિ મરણ** - વીચિ એટલે વિચ્છેદ અને અવીચિ એટલે અવિચ્છેદ અથવા વિચ્છેદ રહિત. ક્ષણે ક્ષણે જે મરણ ચાલુ છે તે અવીચિ મરણ છે. આવા પ્રકારનું મરણ સતત ચાલુ જ છે, તેમાં ક્યાંય - ક્યારેય કોઇ અવરોધ કે રૂકાવટ આવતું જ નથી. આવું ક્યું મરણ હશે જે આપણા સહુના જીવનમાં સતત ચાલુ છે ? પ્રત્યેક ક્ષણે આયુષ્યના કર્મદલિકોનો ક્ષય થાય છે એ અવીચિ મરણ છે.

**૨. અવધિ મરણ** - અવધિ એટલે દ્રવ્ય વગેરેની મર્યાદા. આવા દ્રવ્ય વગેરેની મર્યાદાથી મરણ તે અવધિ મરણ. કોઇ પણ એક ભવના આયુષ્ય કર્મના દલિકોનો અનુભવ કરીને જીવ મૃત્યુ પામે, ફરી પણ ભવાંતરમાં તે જ આયુષ્ય કર્મના દલિકોનો અનુભવ

કરીને મરણ પામે તે અવધિ મરણ છે.

**૩. અંત્ય મરણ** - લીધેલા નરકાદિ ભવના આયુષ્યકર્મના દલિકોનો અનુભવ કરીને વિવક્ષિત ભવમાં મરણ થયા પછી ભવિષ્યમાં ફરી ક્યારેય તે જ ભવના તે જ આયુષ્ય કર્મના દલિકોનો અનુભવ કરીને મરણ ન પામે તે અંત્યમરણ છે.

**૪. વલન્મરણ** - વલન એટલે વળતા પાછા ફરતાં. શુભ અધ્યવસાયથી પાછા ફરતા જીવોનું મરણ તે વલન્મરણ. વ્રત પરિણામ ભાંગી ગયા છે તેવા સાધુઓનું મરણ વલન્મરણ છે.

**૫. વશાર્તમરણ** - આર્તધ્યાનના વશ થયેલા જીવોનું મરણ તે વશાર્તમરણ છે. ઇન્દ્રિયોની પરાધિનતાથી આર્તધ્યાનવાળા જીવોનું મરણ આવા પ્રકારનું હોય છે.

**૬. અંતશલ્ય મરણ** - શલ્ય ત્રણ છે - માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાત્વ શલ્ય. આલોચના - પ્રતિક્રમણ કર્યા વિના માયા આદિ શલ્યથી સહિત મરણ તે અંતશલ્યમરણ છે...

**૭. તદ્ભવ મરણ** - તે જ ભવમાં મોક્ષમાં જનારાઓનું મરણ તે તદ્ભવ મરણ છે. આવું મરણ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા, કર્મભૂમિમાં જન્મેલા, ગર્ભજ મનુષ્યને જ પ્રાપ્ત થઇ શકે છે.

**૮. બાલ મરણ** - અવિરતિમાં થતું મરણ તે બાલમરણ છે.

**૯. પંડિત મરણ** - સર્વવિરતિને ધારણ કરનારનું મરણ તે પંડિત મરણ છે.

**૧૦. બાલ પંડિત મરણ** - દેશવિરતિને ધારણ કરનારનું

મરણ તે બાલ પંડિત મરણ છે.

**૧૧. છદ્મસ્થ મરણ** - છદ્મ એટલે ઘાતી કર્મ, ઘાતી કર્મમાં રહેલો તે છદ્મસ્થ આવા ઘાતી કર્મ (જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ અને અંતરાય કર્મ) સહિત જીવોનું મરણ તે છદ્મસ્થ મરણ છે.

**૧૨. કેવલી મરણ** - કેવળ એટલે સંપૂર્ણ જ્ઞાન. કેવલી એટલે સંપૂર્ણ જ્ઞાની અથવા કેવળજ્ઞાની. આવા કેવળજ્ઞાનીનું મરણ તે કેવળી મરણ છે.

**૧૩. વૈહાયસ મરણ** - વિહાયસ એટલે આકાશ. આકાશમાં થનારું મૃત્યુ તે વૈહાયસ મરણ છે. ગળે ફાંસો ખાઇ અધ્ધર લટકી આકાશમાં મરતા જીવોનું મરણ પણ વૈહાયસ મરણ છે.

**૧૪. ગૃધ્રપૃષ્ઠ મરણ** - ઉડતા અને નીચે ઉતરતાં ગીધ વગેરે પક્ષીઓથી વ્યાપ્ત અને અનેક ખોપરીઓ વગેરેથી અપવિત્ર એવી સ્મશાનભૂમિમાં પડીને... ગીધ વગેરે પક્ષીઓથી ચાંચ વગેરેથી ફોલાઇને થતું મરણ તે ગૃધ્રપૃષ્ઠ મરણ છે.

**૧૫. ભક્તપરિજ્ઞા મરણ** - ભક્ત પરિજ્ઞા એટલે જીવન પર્યંત તિવિહાર કે ચોવિહાર અનશન. આવા અનશનથી થતું મરણ તે ભક્ત પરિજ્ઞા મરણ.

**૧૬. ઇંગિની મરણ** - ઇંગિત એટલે નિયત કરેલા અથવા નક્કી કરેલા. નિયત કરેલા પ્રદેશમાં થતું મરણ તે ઇંગિની મરણ.

**૧૭. પાદોપગમન મરણ** - પાદપ એટલે વૃક્ષ અને ઉપગમન એટલે સ્થિરતા ધર્મની અપેક્ષાએ પાસે જવું. વૃક્ષની જેમ

મૃત્યુ સુધી સ્થિર રહેવાનું હોય છે. વૃક્ષ જેમ પડી ગયા પછી સ્વયં કશું જ ન કરી શકે તેમ આ અનશનમા પ્રથમ જેવી સ્થિતિમાં હોય તેમજ જીવનપર્યંત રહે. પાસું ન બદલી શકે.. આંખો વગેરે ખોલી ન શકે... ન બંદ કરી શકે. જેમ હોય તેમજ રાખે. આ અનશન પ્રથમ સંઘયણવાળા અને વિશિષ્ટ ધૈર્યવાળા મહાત્મા સ્વીકારી શકે.

મરણના આવા વિવિધ પ્રકાર જાણ્યા પછી માનવી જરૂર આશા રાખે કે મારે કેવળ મરણનું શરણ નથી સ્વીકારવું પણ મારે મરણને મહા મંગલકારી મહોત્સવ બનાવવું છે. જ્યાં જન્મ છે ત્યાં જો મરણ થવાનું જ હોય તો કેમ ન એના માટે પ્રથમથી જ તૈયાર થઇ જવું... મરણથી ભય પામી ચાલવાનું નથી કારણ બીકથી ભાગનારને મૃત્યુ છોડતું નથી.

મહામંત્રી ઉદયન ! રણભૂમિ ઉપર મૃત્યુશય્યા એ પણ અરિહંત શરણ... સાધુ શરણ... પામી ગયા... મોતને મહોત્સવ બનાવી ગયા...

આપણું મરણ ક્યાં થશે ?... કેવી વેદના હશે ? કેવી પરિસ્થિતિમાં થશે ? આપણે કશું જ જાણતાં નથી છતાં એટલું બળ અવશ્ય મેળવી લઇએ... જાળવી જાણીએ કે એ મરણ સમાધિ મરણ જ હશે.

નહિં ત્યાં કાયાની માયા હોય...
નહિં ત્યાં સંસારની આળ-પંપાળ હોય...
નહિં ત્યાં સ્નેહના બંધન હોય...
નહિં ત્યાં સંપત્તિની આસક્તિ હોય...

નહિં ત્યાં મોહ અને મમતા હોય...

એ ઘડીએ તો હશે શાંતિ... ઉપશાંતિ... પરમશાંતિ !

ચહેરા ઉપર પ્રસન્નતા... હોઠ પર નવકાર...

શ્વાસમાં અરિહંત... મનમાં સમવસરણનું ધ્યાન...

અને એ અરિહંતના ધ્યાનમાં... અરિહંતના જાપમાં... અરિહંતના તાનમાં... અરિહંતના શરણમાં... આત્મા અંતિમ ક્ષણે અરિહંતમય બની જશે. અને આપણું આવું મરણ સર્વ સંસારી સ્નેહી સ્વજનોને જ નહિ સ્વયં યમરાજાને પણ રડાવી દેશે. એ પણ આપણા મૃત્યુના મહોત્સવમાં સહભાગી બની જશે...

## ૫. જે જન્મે તે જાય...

**જે ઉગ્યું તે આથમે, ખીલ્યું તે કરમાય.**

**એ જ નિયમ છે જગતનો, જે જન્મે તે જાય.**

ઉગે તે આથમે...

ખીલે તે કરમાય...

જન્મે તે મરણ શરણ થાય...

આ વિશ્વનો સનાતન નિયમ છે... નાના-મોટા, અમીર-ગરીબ બધાને માટે છે. **જ..ન..મ..** એનો અર્થ કરતાં એક જગ્યાએ લખાયું છે કે **'જ'** એટલે જેનું **'ન'** એટલે નક્કી **'મ'** એટલે મરણ.

**જેનું નક્કી છે મરણ તેને કહેવાય જનમ.**

આવા જન્મ આપણે અનાદિ કાળથી કરતા આવ્યા છીએ. આજે જ મૃત્યુ સામે છે એવું ક્યાં છે ? અનંત - અનંત વાર મૃત્યુની મુલાકાત લેવા છતાં આ મૃત્યુને આપણે ઓળખી નથી શક્યા. કેવી છે આપણી કરૂણ દશા ? **જ્યાં સુધી મૃત્યુને જાણીશું નહીં ત્યાં સુધી એને માણીશું કેવી રીતે ?** નિગોદમાં તો જન્મ અને મરણની કોઇ સીમા જ ન હતી. આજનો માનવી એક શ્વાસોશ્વાસ લે એટલા સમયમાં નિગોદમાં આપણે ૧૭ાા ભવ કરી નાંખ્યા. સત્તરવાર મર્યા, અઢાર વખત જન્મ્યા. આવો ક્રમ અનંત ઉત્સર્પિણી - અવસર્પિણી કાળ સુધી ચાલ્યો. પૃથ્વીકાયાદિમાં

અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી સુધી જન્મ-મરણ કર્યા. આટલીવાર મર્યા છતાં આજે પણ આ મરણનો ભય રાજા-મહારાજા-શેઠ-શાહુકાર બધાને ધ્રુજાવે છે. શા માટે ?

**मृत्योर्बिभेषि किं बाल ? स च भीतं न मुञ्चति ।**

**अजातं नैव गृह्णाति, कुरु यत्नमजन्मनि ॥**

અદ્‌ભૂત... અદ્‌ભૂત વાત જણાવી.

હે બાલ જીવ ! તું મૃત્યુથી કેમ ભય પામે છે ?... ભય પામેલાને મૃત્યુ છોડતું નથી. અને ન જન્મેલાઓને એ સ્પર્શી શકતું નથી. તે માટે અજન્મા બનવા પ્રયત્ન કર.

યાદ આવે છે પેલા દેવકી દેવી. ગજસુકુમાલ જ્યારે સંયમ લેવા સજ્જ બન્યા ત્યારે આશીર્વાદ આપ્યા હતા...

**મુજને તજીને જાયા માતા અવર મ કરજે રે...**

મને છોડીને હવે બીજી માતા ક્યારે પણ કરીશ નહીં. શું થાય છે એનો અર્થ ? વિચાર કરશો તો સમજાશે એ આશીર્વાદમાં **અજન્મા બનવાનો સંદેશ ધરબાયેલો છે.**

હે માનવી ! **મૃત્યુ એ ચિંતા નહીં, ચિંતનનો વિષય છે.** આપણા પૂર્વજો ક્યારે પણ મૃત્યુથી ભય પામ્યા નથી. એમણે મૃત્યુને આવકાર્યું છે... સન્માન આપ્યું છે... એને મંગલમય બનાવી મહોત્સવરુપે માણ્યું છે.

એકદા એક ટ્રેનમાં શેઠ મુસાફરી કરી રહ્યા હતા.

એમની બાજુમાં બે - ત્રણ સૈનિક હતા. વાતો-વાતોમાં શેઠે એમને પૂછ્યું તમે ક્યાં જઇ રહ્યા છો ?

સૈનિકોએ જવાબ આપ્યો - ''અમે ફરજ બજાવી હાલ રજા લઇ ઘેર જઇએ છીએ.''

શેઠે પૂછ્યું - ''તમારા પિતાજીનું મૃત્યુ ક્યાં થયું ?

એક સૈનિકે જવાબ આપ્યો - ''યુદ્ધમાં શત્રુ સામે લડતાં લડતાં.''

શેઠે બીજા સૈનિકને પૂછ્યું - એ જ સવાલ, એ જ જવાબ.

શેઠે ત્રીજા સૈનિકને પૂછ્યું - એ જ સવાલ, એ જ જવાબ સાથે ઉમેર્યું અમારી સાત - સાત પેઢી યુદ્ધમાં શહીદ થઇ છે.

હવે શેઠે પ્રશ્ન પૂછ્યો - ''તો તમને યુદ્ધનો ભય નથી લાગતો?''

હવે વારો સૈનિકોનો હતો એમણે પ્રશ્ન પૂછ્યો - ''શેઠ, તમારા પિતાજીનું મૃત્યુ ક્યાં થયું ?''

શેઠે કહ્યું - ''હોસ્પિટલના **bed** ઉપર''

સૈનિકે પૂછ્યું - ''તમારા દાદાનું મૃત્યુ ક્યાં થયું ?''

શેઠે કહ્યું - ''ઘરના પલંગપરની પથારીમાં''

સૈનિકે પૂછ્યું - ''શેઠ તમે રાતે સૂવા માટે એ પથારીમાં પડો તો તમને એનો ભય નથી લાગતો ?''

શેઠની પાસે એ સવાલનો જવાબ ન હતો. પણ સૈનિકના સવાલથી શેઠ સાવધાન જરૂર થઇ ગયા.

સૈનિક શેઠને કહે છે અમે શરણાગતિમાં નહીં શહિદગતિમાં માનીએ છીએ. શરણાગતિમાં જીવન મળે પણ બેડીઓમાં જકડાયેલું પરાધીનતા ભરેલું. શહિદગતિમાં સંઘર્ષ છે... મોત છે પરંતુ

સ્વતંત્રતા અને ગૌરવ ભરેલું છે. આપણે શેમાં માનીએ છીએ ? **શરણાગતિમાં કે શહિદગતિમાં ? સલામ કોને કરાય ? શરણાગતિ સ્વીકારનારને કે શહિદગતિને વરનારને ?**

આજ દિવસ સુધી આપણે મૃત્યુની શરણાગતિ સ્વીકારી છે. પરંતુ હવે મૃત્યુનો પરિચય કરી... એને ઓળખી એના ઉપર વિજય મેળવવા ખરાખરીનો ખેલ ખેલવાનો છે. મૃત્યુંજયી બનવાનું છે.

અંતિમ સમયે રોગ ન હોય... પીડા ન હોય... દવા કે ડૉક્ટર ન હોય... ઇન્જેક્શન કે નળીઓ ન હોય... ઘરમાં અચાનક મૃત્યુ આવે એ મૃત્યુજય નથી. પરંતુ રોગો અને પીડાની વચ્ચે પણ સહનશીલતા હોય... હાયવોય ન હોય. શાંતિ અને સમાધિ હોય. માયા કે મમતા ન હોય... આર્તધ્યાન ન હોય. સર્વ પ્રકારની પીડા-વેદના વચ્ચે પરમાત્માના સ્મરણમાં... જાપમાં... ધ્યાનમાં લીનતા હોય. દેહાધ્યાસ તુટતો હોય... આત્માની અમરતાના મંગલ ગીત ગુંજતા હોય અને **અબ હમ અમર ભયે ન મરેંગે** નો નાદ જીવની અંતિમ પળોને પ્રસન્નતા ભરપૂર બનાવી સમાધિની સુવાસ પ્રસરાવતો હોય એ જ સાચું સમાધિ મરણ છે.

આવા મરણને મહોત્સવ બનાવી સદ્‌ગતિ અને સિદ્ધગતિ પામનાર મહાપુરુષો જિન શાસનમાં અનેકાનેક થઇ ગયા છે. આવા મહાસત્વશાળી આત્માઓની અમર ગાથાઓ આપણને આવી સમજણ અને સત્વને ફોરવવા માટે સાદ પાડી રહી છે.

આપણે જાગીએ... આત્માની અનાદિ ઉંઘ ઉડાડીએ... આત્માના સ્વરૂપને ઓળખી... આત્માની અમરતાને અને અનંત

સુખમય અવસ્થાને જાણી એનો પરિચય... એની અનુભૂતિ કરીને એ જ અવસ્થાને પ્રગટ કરવા અને સમયે સમયે અનુભવવા સાચો પુરૂષાર્થ આદરીએ.

નામી અનામી મહાત્માઓના જીવનની અપૂર્વ પળોને સત્કારી - સન્માની એમના આદર્શે આપણી આત્મજ્યોત પ્રગટાવીએ.

રાજા કુમારપાળ...

હેમચંદ્રાચાર્ય જેમના ગુરુ હતા...

અરિહંતના જે અપૂર્વ ઉપાસક હતા...

એકદા એમને ખાવામાં ઝેર આપવામાં આવ્યું... ઝેર જેવું પેટમાં ગયું, નસો ખેંચાવા લાગી... સમજાઇ ગયું ઝેર પેટમાં ગયું છે... અમુલ્ય માનવ ભવ એમ વેડફાઇ ન જાય એ માટે ઝેર દૂર કરનાર મણિને લેવા સેવકને ભંડારી પાસે મોકલ્યો. સેવક ખાલી હાથે પાછો આવ્યો. ઝેર આપનારે એ મણિ પ્રથમથી જ ગાયબ કરી નાંખ્યો હતો.

કુમારપાળ વાત સમજી ગયા એ જ પ્રસન્નતાથી મોતને ભેટવા સજ્જ બન્યા. જો જીવન ટકે એ શક્ય નથી તો મરવા માટે પણ એટલી જ તૈયારી છે. દેવ-ગુરુને નમસ્કાર કરી અરિહંતના ધ્યાનમાં સ્થિર બન્યા અને અરિહંત-અરિહંતના સ્મરણ સાથે દેહ ત્યાગ કર્યો. સાચો શ્રાવક મૃત્યુથી ક્યારેય ડરતો નથી એ તો દ્વારે આવેલા મૃત્યુને પ્રેમથી સત્કારે છે. બે ડગલા સામે જઇ પ્રેમથી મૃત્યુને ભેટે છે. આપણી સ્થિતિ આવી જ ખરીને ?

આજના કાળે પણ આવા મહાપુરૂષો જોવા મળે છે.

આગમાં બળીને ભડથું થયેલો દેહ... સંપૂર્ણ શરીરમાં આગ-આગ થાય છે છતાં મનમાં પ્રસન્નતા છે. દેહની આગ કે અસ્વસ્થતા મનને સ્પર્શી શકતી નથી. મન તો અરિહંતની સમાધિના ચિંતનમાં લીન છે. ભગવાનના પગનો ચુલો બનાવ્યો એમને વેદના નહિં થઇ હોય ? મને તો મારા પાપ નડ્યા છે. આટલા બધા સેવા કરે છે પછી અશાંતિ - અસમાધિ હોય... અપૂર્વ પ્રસન્નતા સહ સંસારનો મોહ ત્યાગી... ચાર શરણનો સ્વીકાર કરી. સાગારી અણસણ સાથે વીર-વીરનો નાદ ગુંજતો રાખી વીરની વાટે સંચર્યા. કેવી વીરતા ?

શ્રાવકનું સ્વાસ્થ્ય અચાનક વધારે બગડ્યું...

ઉપાશ્રયમાંથી ગુરૂદેવને બોલાવવામાં આવ્યા...

પરમાત્માના ફોટાના દર્શન કરાવ્યા...

શ્રાવકે અસ્વસ્થતાની વચ્ચે ગુરૂદેવને વંદન કર્યા.... સુખશાતા પૂછી વાસક્ષેપ સ્વરૂપ આશીર્વાદ લીધા... ગુરૂદેવને વિનંતી કરી હવે કિનારો નજીક દેખાય છે આપશ્રી મારા મોતને સુધારજો... મને 'ભવ ચરિમં' ના પચ્ચક્ખાણ કરાવજો.

ગુરૂદેવે પરિવારજનો સમક્ષ નજર કરી સહુએ મૂક સંમત્તિ આપી... ગુરૂદેવે પચ્ચક્ખાણ કરાવ્યા.

**ભવ ચરિમં પચ્ચક્ખાઇ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અનત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, વોસિરઈ.**

સંપૂર્ણ જાગૃતિ પૂર્વક ચારે આહારના ત્યાગના સ્વયં હાથ

જોડીને પચ્ચક્ખાણ લીધા... જીવરાશિ ખમાવી... અઢાર પાપ સ્થાનક આલોવ્યા... ઘણી જ નબળાઇ હોવા છતાં પલાઠી વાળીને સ્થિર થયા... ગુરૂદેવ આત્મ ભાવનામાં સ્થિર કરતા ગયા... સ્થિર કરતા ગયા... નવકારની ધૂન... અરિહંતની ધૂન અને ગુરુદેવના પધાર્યા પછી પંદર મિનિટમાં ગુરૂદેવના સાનિધ્યમાં મહાપ્રયાણની અદ્‌ભૂત તૈયારી કરી લીધી. સહુની સમક્ષ બન્ને હાથ જોડ્યા જાણે વિદાય ન માંગતા હોય... અરિહંત કરતાં કરતાં પણ શાંત થયા... પેટ...છાતી શાંત થવા લાગ્યા... શ્વાસ ઉર્ધ્વગતિ કરી રહ્યો હતો... કંઠ અને હોઠ હલ્યા... કાન ફરક્યા... અંતે આંખોમાંથી પ્રાણ નિકળી ગયા.

જે મૃત્યુને જોઇને ગુરુદેવને પણ આવા મૃત્યુને માંગવાનું મન થયું... બધાની એક આંખમાં વડિલ ગુમાવ્યાની વેદના હતી તો બીજી આંખમાં સમાધિ મરણને પામ્યાનો હર્ષ હતો... કોઇને પણ ઇર્ષ્યા આવી જાય એવું એ મંગલ - મહોત્સવમય મૃત્યુ હતું.

# ૯. અંતિમ આરાધના

માનવ જીવનના મૂલ્યને જાણ્યા પછી એને સફળ બનાવવા મૃત્યુને મહોત્સવ બનાવવા ઉદ્યમવંત થવા પ્રત્યેક સમજુ જીવ તૈયાર થાય એમાં ક્યાં આશ્ચર્ય છે ?

જે જીવ જીવનની બાજીને જીતવા ઉદ્યમવંત બને છે એને સહાયક બને એ માટે કવિચક્રવર્તી શ્રી જયશેખરસૂરિ મ.સા. કૃત **'આરાધના'**ના સહારે આપણે મૃત્યુને મહોત્સવ બનાવવાના માર્ગને જાણવા પ્રયત્નશીલ બનીશું.

**परम परमेष्ठिपंचकं, प्रणितत्यात्मपरोक्कारकम् ।**

**विदधामि समासतः स्फुटं, दशधाराधन सूत्र संग्रहम् ।।१।।**

ઉત્તમ પરમેષ્ઠિને નમસ્કાર કરીને સ્વ અને પરનો ઉપકાર કરનારા દશ પ્રકારની આરાધનાના સંગ્રહને સંક્ષેપથી પ્રગટ પણે હું કહું છું.

મહાપુરુષોનો આપણા ઉપર કેવો ઉપકાર છે ? આપણા ઉપર કેવી નિષ્કારણ કરુણા વરસાવી રહ્યા છે ? એમનું અંતર સદા સ્વ-પર કલ્યાણમાં કેવું લયલીન બનેલું છે. સંક્ષેપથી આરાધનાના સંગ્રહને કહે છે. તે પણ સ્પષ્ટતાથી કહી રહ્યા છે કાંઇ કશું જ છૂપાવવાનું નથી. કાંઇ જ અસ્પષ્ટ નથી. આ આરાધનાનો સંગ્રહ કોના માટે ? શા માટે ખોલી રહ્યા છે ? એની સ્પષ્ટતા કરતાં કહે

છે -

**क्षपकः प्रणिपातपूर्वकं, गुरु संवेगतरंगरंगितः ।**

**वदतीति विजोऽघुनोचितं, कुरु निस्तारय मां भवार्णवात् ।।२।।**

ઘણા વૈરાગ્યના તરંગથી વ્યાપ્ત થયેલા કોઇ બાલમુનિ (વૈરાગી-સાધક) પોતાના ગુરુને વંદના કરીને આ પ્રમાણે પ્રાર્થના કરે છે - "હે વિભો ! હમણાં જે યોગ્ય હોય તે કરો અને મને સંસારરૂપી સાગરથી તારો."

જ્યાં સુધી સંસાર પ્રત્યે વૈરાગ્ય સ્વરૂપ સંવેગ અને નિર્વેદ ન જાગૃત થાય ત્યાં સુધી સંસાર સાગર તરવાની ઇચ્છા ન જાગે... એ દિશામાં પગલા ન મંડાય... ગુરુ ચરણે પહોંચી ગુરુને 'મને તારો' એવી ગદ્ગદ્ હૃદયની પ્રાર્થના ન થાય.

શાસ્ત્રોમાં જેમ ઠેર ઠેર પ્રભુ મહાવીરસ્વામી ગૌતમ સ્વામીને કહે છે... સુધર્માસ્વામી જેમ જંબૂ ને કહે છે એ જ પ્રકારે અહીં ગુરુ-શિષ્યના માધ્યમે અંતિમ આરાધનાનો અપૂર્વ વિધિ જણાવવામાં આવ્યો છે. અવસરે જે યોગ્ય હોય તે કરવાનો અને સંસાર સાગરથી તારવાનો આગ્રહ કરે છે. અવસરના જાણકાર ગુરુ પણ સમયને સમજીને શિષ્યના ઉત્સાહમાં વૃદ્ધિ કરે છે -

**मधुरैर्मृऊजिर्मनोहरै जिनसिद्धान्तगतैर्वचोभरैः ।**

**सुभटानिव बन्दिनो रणे, गुरुरुत्साहयती ति रीतिवित् ।।३।।**

યુદ્ધની ભૂમિ પર બંદિજનો જેવી રીતે સુભટોને પોરસ ચઢાવે છે એમના સાહસ અને ઉત્સાહમાં વૃદ્ધિ કરે છે તેવી રીતના જાણકાર એવા ગુરુદેવ મધુર-કોમળ-મનોહર અને જૈન ધર્મના

સિદ્ધાંતને અનુસરતા એવા વચનોથી બાલમુનિના ઉત્સાહમાં વૃદ્ધિ કરવા લાગ્યા. એના ગુણોની પ્રશંસા કરતાં કહે છે -

**अयि धीर विवेकवानसि, स्मृतकृत्योऽसि गुणाग्रणीरसि ।**

**परलोक हितावहोऽधुना, यदि भो धर्ममतिस्तवास्त्यहो ।।४।।**

હે બાલમુનિ ! મને એ આશ્ચર્ય થાય છે કે, જો હમણાં તારી ધર્મબુદ્ધિ છે તો હે ધીર ! તું વિવેકવાળો છે... પોતાના કાર્યને સંભારનારો છે... ગુણવંતોમાં અગ્રેસર છે અને પરલોકનું હિત કરનારો છે.

જ્યાં પરલોક અને પરલોકના હિતનું સ્મરણ ન હોય ત્યાં અંતિમ આરાધના માટેની તૈયારી જ ન સંભવે. જેની પાસે પરલોક સુધારવાનું લક્ષ્ય હોય એની પાસે જ મૃત્યુને સમાધિમય બનાવવાની ચિંતા હોય છે.

**सुकृतस्य कृतस्य कर्मणः, शुभमृत्यु कलशाधिरोपणम् ।**

**नवहस्तमतस्य शस्यते, वरकुंभस्य दि कोटिसारता ।।५।।**

કરેલા સારા કર્મનું ફળ તો પંડિત મરણ થવું એ જ છે અને તે નવીન મંદિર ઉપર કલશ ચડાવવા સમાન શ્રેષ્ઠ ઉત્તમ જાણવું. કારણ કે નવ હાથના પ્રમાણવાળા ઉત્તમ કુંભની કોટીનું શ્રેષ્ઠપણું જ વખણાય છે.

**जननं यदि जातमंगिनां, मरणं तन्नियतं भविष्यति ।**

**इति निश्चयतः प्रमोदभाजक् तदिमं पंडितमृत्युमाचर ।।६।।**

કેવી અદ્ભૂત વાત જણાવી છે ? હે સાધક ! જો પ્રાણીઓનો

જન્મ થયો છે તો નિશ્ચય મરણ થશે જ. જે ક્ષણે આ જીવનો જન્મ થાય છે એ જ ક્ષણથી જીવ ક્ષણે ક્ષણે મૃત્યુની નજીક જાય છે. મૃત્યુ પછી જીવ જન્મે અથવા ન પણ જન્મે પરંતુ જન્મે એનું મૃત્યુ અવશ્ય છે જ. તીર્થંકર - ગણધર આદિ જે પણ મહાપુરુષો જન્મ્યા એમને પણ મરણને શરણ થવું પડ્યું. તો આપણા જેવા જીવોને તો એ માર્ગે નિશ્ચિત પ્રયાણ કરવાનું જ છે. એ પ્રમાણે નિશ્ચય ધારણ કરીને હર્ષવંત થઈને તું પંડિત મરણનું આચરણ કર.

એ માટે હવે પંડિત મરણ માટેની આરાધનાનો માર્ગ જણાવે છે -

**अतिचार विशोधनं[१], व्रतोच्चरणं[२], क्षमण मागसा[३] कुरु ।**
**त्यज पातककारणाति[४] वै, श्रय चत्वारि[५] निनिन्द दुःकृतम्[६] ।।७।।**
**सुकृतान्यनुमोदयात्मनः[७], शुभभावं कुरु[८] चाशनं त्यज[९] ।**
**स्मर पंचनमस्कृतिमुदा[१०], शिवसौख्यानि लभस्य भो यथा ।।८।।**

મોક્ષ સુખોને જલ્દી પામવા માટે દસ આરાધનાઓ છે. તે આ પ્રમાણે છે -

(૧) અતિચારની શુદ્ધિ કર. (૨) વ્રતોનું ઉચ્ચારણ કર.

(૩) કરેલા અપરાધોની ક્ષમાપના કર. (૪) પાપકૃત્યોનો ત્યાગ કર.

(૫) ચાર શરણનો સ્વીકાર કર. (૬) દુષ્કૃતોની નિંદા કર.

(૭) સુકૃતોની અનુમોદના કર. (૮) શુભ ભાવોને ધારણ કર.

(૯) ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી અણસણનો સ્વીકાર કર.

અને (૧૦) સહર્ષ પંચપરમેષ્ઠિનું સ્મરણ કર.

હવે આપણે આ દસ આરાધનાઓને કાંઈક વિસ્તારથી વિચારીશું.

## ૧. अतिचार विशोधन

જીવન છે ત્યાં અતિચાર છે...

દોષોથી જીવન મલીન છે...

પરલોકમાં જતાં પહેલાં આ મલીનતા દૂર કરીને આત્માને શુદ્ધ કરવાનો છે. એ માટે સાવધાન થવાનું છે... જાગૃતિ કેળવવાની છે.

સાધુ હોય કે શ્રાવક... મહાવ્રત હોય કે અણુવ્રત...

એની શુદ્ધિ અત્યંત આવશ્યક છે.

સંયમનો સ્વીકાર... કે શ્રાવક જીવનનો સ્વીકાર એ તો સર્વ જીવોને અભયદાનની ઉદ્‌ઘોષણા છે. શ્રાવકને ભલે પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય માટે જયણા હોય છતાં એના અંતરમાં સર્વ જીવોને અભયદાન આપવાની અદ્‌ભૂત ભાવના રમતી જ હોય છે.

આવા સમયે અંતિમ આરાધના માટે ઉદ્યમવંત થયેલો સાધક પ્રથમ સમ્યગ્‌દર્શનની શુદ્ધિ માટ ઉદ્યમવંત થાય છે.

સમ્યગ્‌દર્શન, સ. જ્ઞાન અને સ. ચારિત્ર એ જ મોક્ષમાર્ગ છે.

સમ્યગ્‌દર્શન એ દેવ-ગુરુ અને ધર્મ ઉપરની અતુટ શ્રદ્ધા છે. જિન વચનમાં શંકા કરી હોય... અન્ય ધર્મની ઈચ્છા કરી હોય...

સાધુની નિંદા કરી હોય... ધર્મ આરાધના કરતાં ફળમાં શંકા રાખી હોય... દેવ-ગુરુ-ધર્મ-તીર્થ-સંઘ એમના વિષે હલકું બોલ્યા હોઇએ... દેવદ્રવ્ય કે ધર્મદ્રવ્યનો વિનાશ કર્યો હોય... ધર્મદ્રવ્યનો નાશ થતો જાણ્યા છતાં એની ઉપેક્ષા કરી હોય... અન્ય ધર્મની પ્રશંસા કરી હોય... અન્ય ધર્મને સારા માન્ય હોય... જૈન ધર્મની અવજ્ઞા કરી હોય તે સવિ મને વચને કાયાએ કરી **मिच्छामि दुक्कडं।**

જ્ઞાન - જ્ઞાની - જ્ઞાનના ઉપકરણની આશાતના કરી હોય... ગુરુનો વિનય ન સાચવ્યો હોય... યોગ વહન વિના સૂત્ર ભણ્યા હોય, પાઠી, પોથી, કવલી, ઠવણી, નોકરવાળી, કાગળાદિની આશાતના કરી હોય, પગ-થુંક લગાડ્યા હોય. જ્ઞાન ભંડારાદિ બરાબર સાચવ્યા ન હોય, શ્રુત ભક્તિ ન કરી તે મન-વચન-કાયાએ કરી **मिच्छामि दुक्कडं।**

પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિની યોગ્ય આરાધના ન કરી હોય... સામાયિક - પૌષધમાં મનની સ્થિરતા ન કરી હોય... સંયમ કે સંયમીની વિરાધના કરી હોય... યથાશક્તિ બાર ભેદ યુક્ત તપ ન કર્યો હોય... તપમાં દોષ લગાડ્યા હોય... પચ્ચક્ખાણ લઇને ભાંગ્યા હોય તે સવિ મન - વચન - કાયાએ કરી **मिच्छामि दुक्कडं।**

આરંભ-સમારંભ કરતાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિ કાયાદિ સ્થાવર જીવોની હિંસા થઇ હોય...

સંસારી કાર્યો... જીવન નિર્વાહ કાર્યો કરતાં જીવ વિરાધના કરી હોય... બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય એવં પંચેન્દ્રિય જીવોની વિરાધના થઈ હોય... એમને સંતાપ થયો હોય... એમને ત્રાસ પમાડ્યો હોય... તે સર્વ મન... વચન... કાયાએ કરી **मिच्छामि दुक्कडं ।**

ક્રોધ - લોભ - ભય અને હાસ્યના વશ થઈને વીતરાગ પ્રભુએ નિષેધ્યા છતાં અસત્ય વચન બોલ્યા હોય... અસત્ય વચનથી જીવોને દુઃખ પહોંચાડ્યું હોય તે સર્વ મન-વચન-કાયાથી **मिच्छामि दुक्कडं ।**

પારકા ધનને ચોરી આદિ દ્વારા પોતે લીધું હોય. પોતાના નામે બીજાની સંપત્તિ ચઢાવી હોય. ધંધામાં ભાગીદારને દગો આપી એની સંપત્તિ લુંટી હોય તે સર્વ મન-વચન-કાયાથી **मिच्छामि दुक्कडं ।**

દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધિ મૈથુન સેવ્યા હોય, કોઈના શીલભંગ કર્યા હોય... પર્વતિથિએ એવં તીર્થમાં બ્રહ્મચર્યવ્રતનું પાલન ન કર્યું હોય, વાસનાને ભડકાવે એવા પદાર્થોનું સેવન તથા એવા પુસ્તકોનું વાંચન કર્યું હોય અને એવા સિનેમાદિ જોયા હોય. તે સવિ મન-વચન-કાયાએ કરીને **मिच्छामि दुक्कडं ।**

પરિગ્રહનું પ્રમાણ ન કર્યું... પરિગ્રહની વૃદ્ધિમાં સતત આર્ત-રૌદ્રધ્યાન કર્યું... પરિગ્રહ ઉપર મમત્વ ભાવ - આસક્તિ રાખી પરિગ્રહ અહીંનો અહીં રહી જશે, એ માટે કરેલા પાપો મારી સાથે આવશે. આવા સર્વ પાપોને મન-વચન-કાયાથી **मिच्छामि दुक्कडं ।**

આ ભવમાં... પરભવમાં... ભવોભવમાં આવા જે કોઇ પાપ કર્યા છે... કરાવ્યા છે... કરતા ને અનુમોદ્યા છે તે અરિહંત - સિદ્ધ અને આત્માની સાક્ષીએ **मिच्छामि दुक्कडं ।**

## ૨. व्रतो-च्चारणं

માનવ ભવ... આર્યક્ષેત્ર... સંપૂર્ણ પાંચ ઇન્દ્રિયોની પ્રાપ્તિ અને સાથે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે જિનશાસનની પ્રાપ્તિ થઇ... હવે શું જોઇએ ?

હે જીવ ! જાગી જા... સમજી જા. આ દુનિયાથી વિદાય લેતાં પહેલાં અવિરતિનો ત્યાગ કરીને વિરતિનો સ્વીકાર કરી લે. આ પળે સત્વ ફોરવવામાં પાછો પડીશ નહિં... શક્તિ ચાલે તો પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરી લે... ન જ ચાલે તો શ્રાવકોના બાર વ્રતો અથવા પાંચ અણુવ્રતો ઉચ્ચરાવી લે.

વિરતિ સાથે પરલોક જનારની અવશ્ય સદ્‌ગતિ થાય છે.

## ३. क्षमण मागसा कुरु

વિશ્વના સર્વ જીવો સાથે મને મૈત્રી ભાવ છે... સહુ સાથે ક્ષમાપના... ખમત ખામણા છે.

સાત લાખ પૃથ્વીકાયના... સાત લાખ અપ્‌કાયના...

સાત લાખ તેઉકાયના... સાત લાખ વાયુકાયના...

દસ લાખ પ્રત્યેક વનસ્પતિકાય... ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય...

બે લાખ બેઈન્દ્રિય... બે લાખ તેઈન્દ્રિય... બે લાખ

ચઉરિન્દ્રિય...

ચાર લાખ દેવતા... ચાર લાખ નારકી... ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય...

ચૌદ લાખ મનુષ્ય.

એવી રીતે કુલ ચોર્યાસી લાખ જીવાયોનિમાં મારા જીવે કોઇ પણ જીવને દુભાવ્યો હોય... બીજા પાસેથી દુભવાવ્યો હોય... કોઇએ કોઇને દુભવતાં એની અનુમોદના કરી હોય તો તે સર્વ મન-વચન-કાયાથી **मिच्छामि दुक्कडं ।**

## ४. त्यज पापकारणानि

અજ્ઞાન દશામાં પાપોની પરંપરા ઉભી કરીને દુઃખ અને દુર્ગતિનો ભાગી બન્યો છું. ના... હવે મારે આવા પાપો કરવા નથી એના કટુ પરિણામો ભોગવવા નથી તેથી જ હે નાથ ! આપના ચરણે આવ્યો છું.

જીવ હિંસાથી... ખોટું બોલવાથી... ચોરી કરવાથી... મૈથુન સેવવાથી... પરિગ્રહથી... ક્રોધ-માન-માયા-લોભ કરવાથી... રાગ-દ્વેષ કરવાથી... કલેશ કંકાસ કરવાથી... પારકી નિંદા કરવાથી... માયા મૃષાવાદ અને મિથ્યાત્વ શલ્યથી આ ભવને વિષે પરભવને વિષે તથા ભવોભવને વિષે જે કર્મો બાંધ્યા હોય તે સવિ મન, વચન, કાયાએ કરી **मिच्छामि दुक्कडं ।**

હે દેવાધિદેવ ! હવે હું આ પાપોથી વિરામ પામું છું... યાવત્ જીવન પર્યંત સર્વ પાપોનો ત્યાગ કરું છું... ત્યાગ કરું છું... ત્યાગ

કરું છું...

## ૫. શ્રય ચત્વારિ

સત્તા... સંપત્તિ... સમૃદ્ધિ... સ્નેહિ સ્વજન...

અંત સમયે કોઇ શરણ આપવા સમર્થ નથી.

આવા સમયે અંતે અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિ પ્રરૂપિત ધર્મ જ શરણરૂપ છે. હું આ ચારની શરણાગતિ સ્વીકારું છું.

### અરિહંત શરણ

જાવજ્જીવ સુધી મારે સમગ્ર ઐશ્વર્યાદિક વડે યુક્ત એવા ઉત્કૃષ્ટ ત્રિલોકના નાથ... સર્વોત્તમ પુણ્યના સમૂહવાળા... ક્ષીણ થયા છે રાગ-દ્વેષ અને મોહ જેના એવા... અચિન્ત્ય-જેનું સ્વરૂપ ચિંતવી ન શકાય એવા ચિંતામણી રત્ન સમાન... સંસારરુપી સમુદ્રને વિષે પ્રવહણ સમાન **એકાન્ત શરણ કરવા લાયક એવા અરિહન્તો શરણરૂપ હો.**

### સિદ્ધ શરણ

ક્ષીણ થયા છે જરા-વૃદ્ધાવસ્થા અને મરણ જેના એવા... નાશ થયું છે કર્મરૂપી કલંક જેનું એવા... નાશ પામી છે સર્વ પ્રકારની બાધા-પીડા જેની એવા... કેવળજ્ઞાન અને કેવળ દર્શન વાળા... મોક્ષપુરીમાં વસનારા... અનુપમ સુખને પામેલા... સર્વથા સર્વ પ્રકારે કર્યું છે કાર્ય જેણે એવા કૃતાર્થ થયેલા સિદ્ધો મારે સદા શરણરૂપ હો.

## સાધુ શરણ

શાંત અને ગંભીર છે ચિત્તના પરિણામ જેમના એવા... પાપવાળા વ્યાપારથી વિરામ પામેલા... પાંચ પ્રકારના આચારને જાણનારા, પાળનારા, પરોપકાર કરવામાં તત્પર... ધ્યાન - સ્વાધ્યાયથી યુક્ત... વિશુદ્ધ છે ભાવ જેમના એવા - **સાધુઓનું મને શરણ હો.**

## કેવલી પ્રરૂપિત ધર્મનું શરણ

સુર-અસુર અને મનુષ્યોએ પૂજેલો... મોહરુપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન... રાગ-દ્વેષ રૂપી વિષનો નાશ કરવામાં ઉત્કૃષ્ટ મંત્ર સમાન... સમગ્ર કલ્યાણનું કારણ... કર્મરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન.. મોક્ષને-સિદ્ધપદને સાધી આપનાર એવો **કેવલી ભગવંતે પ્રરૂપેલો ધર્મ જાવજ્જીવ મારે શરણ રુપ હો.**

# ૬. निनिन्द दु:कृतम्

## (દુષ્કૃત નિંદા)

અરિહંતાદિના શરણને પામેલો એવો હું હવે મારા દુષ્કૃતની નિંદા કરવા ઉદ્યમવંત થયો છું.

અરિહંતોને વિષે... સિદ્ધોને વિષે... આચાર્યોને વિષે... ઉપાધ્યાયોને વિષે... સાધુઓને વિષે... સાધ્વીઓને વિષે... ગુણોથી અધિક એવા માનવા યોગ્ય... પૂજવા યોગ્ય એવા ગુણીજનોને વિષે... ઉપકારી એવા માતા-પિતા-બંધુ-મિત્રોને વિષે... મોક્ષ માર્ગમાં રહેલા અથવા માર્ગમાં ન રહેલા સર્વ જીવોને

વિષે... માર્ગ સાધનારા પુસ્તકાદિને વિષે... માર્ગને નહીં સાધનારા ખડ્ગાદિકને વિષે

જે કાંઇ વિપરીત આચરણ કર્યું હોય... દુષ્કૃત કર્યું હોય...

જે ક્રિયા વડે ન આચરવા યોગ્ય... મનથી ન ઇચ્છવા યોગ્ય એવું પાપાનુબંધી પાપ સૂક્ષ્મ અથવા બાદર આચર્યું હોય... મનથી - વચનથી - કાયાથી... મેં કર્યું હોય - બીજા પાસે કરાવ્યું હોય - બીજાએ કરેલું સારું માન્યું હોય... રાગથી-દ્વેષથી - મોહથી... આ ભવ અથવા અન્ય ભવોને વિષે જે દુષ્કૃત - નિંદા કરવા યોગ્ય કાર્ય કર્યું હોય તે દુષ્કૃતને અરિહંત અને સિદ્ધની સાક્ષીએ ગર્હું છું.

આ મારું પાપ મિથ્યા થાઓ... મિથ્યા થાઓ... મિથ્યા થાઓ...

## ૭. सुकृतान्यनुमोदयात्मनः

### (સુકૃત અનુમોદના)

અરિહંતાદિનો યોગ મળે... એમની પ્રાર્થના વિષે બહુમાન થાય... મોક્ષબીજ એવં કુશલાનુબંધી કર્મની પ્રાપ્તિ થાય... અરિહંતની સેવાને યોગ્ય થાઉં.. એમની આજ્ઞા અને ભક્તિ યોગ્ય થાઉં... અતિચાર રહિતપણે આજ્ઞાનો આરાધક બનું... મોક્ષનો અભિલાષી બની સુકૃતોને સેવું... જે જે સુકૃતો થાય એમને અનુમોદું છું.

સર્વ અરિહંતોના ધર્મકથાદિક અનુષ્ઠાનોને હું અનુમોદું છું...

સર્વ સિદ્ધોના અવ્યાબાધ આદિ સિદ્ધપણાને અનુમોદું છું...

સર્વ આચાર્યોના જ્ઞાનાચારાદિ આચારોને અનુમોદું છું...

સર્વ ઉપાધ્યાયોના દ્વાદશાંગી સૂત્રના પ્રદાનને અનુમોદું છું...

સર્વ સાધુઓની સ્વાધ્યાયાદિ સારી ક્રિયાને અનુમોદું છું...

સર્વ શ્રાવકોના વૈયાવચ્ચ વિગેરે મોક્ષ સાધનાના યોગોને અનુમોદું છું...

સિદ્ધ થવાની ઇચ્છાવાળા આસન્ન ભવ્ય અને શુદ્ધ આશયવાળા એવા ઇન્દ્રાદિક સર્વ દેવોના તથા સર્વ જીવોના માર્ગ સાધનાના યોગોને એટલે માર્ગાનુસારિપણાદિક કુશળ વ્યાપારોને હું અનુમોદું છું.

ચૌદ રાજલોકમાં જીવમાત્ર દ્વારા થતી નાની-મોટી સર્વ સુકૃતની આરાધનાઓને મન-વચન-કાયાથી અનુમોદું છું... અનુમોદું છું... અનુમોદું છું...

## ૮. शुभ भावं कुरु

**"ભાવના ભવ નાશીની છે."** શુભ અને શુદ્ધ ભાવોના સ્વામિ બન્યા વિના કર્મ ક્ષય અને મોક્ષની મંઝિલ મળતી નથી.

કાયાથી મર્યાદિત કાર્ય થઇ શકે કારણ કાયાની શક્તિની મર્યાદા છે પરંતુ મન પાસે અમર્યાદિત શક્તિ હોવાથી તે અદ્ભૂત ભાવોનો સ્વામિ બનીને અલ્પ પ્રયાસે મોક્ષ સાધી શકે છે. અહીં બેઠા બેઠા સિદ્ધાચલ અને સીમંધરસ્વામિની તો ભાવ યાત્રા થઇ શકે છે પરંતુ સાથે સાથે સિદ્ધશીલાની પણ ભાવયાત્રા શક્ય બને છે. અને આવી ભાવના ભાવતાં ભાવતાં જ ભવનો અંત આવી શકે છે.

અંતિમ ક્ષણોમાં અરિહંતનું સાનિધ્ય પ્રાપ્ત થાય...

તન-મન અરિહંતમય બને...

શુભ અને શુદ્ધ ધ્યાન રહે...

રોમ રોમમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવના વહેતી બને...

શુભ અને શુદ્ધ ભાવના ભાવતાં - ભાવતાં જ જીવને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટી શકે છે.

અંતિમ ક્ષણોની સમાધિ શુભ ભાવથી જ સફળ બને છે. સમતા અમીરસનું પાન કરી સમતા ભાવમાં જ નિમગ્ન બનીએ.

## ૧. अशनं त्यज

મારા જન્મનો પ્રારંભ આહારથી થયો... જીવનભર આહાર સંજ્ઞાનો ગુલામ બનીને રહ્યો... જે તપાદિ આચરવા જોઈએ એ મેં આચર્યા નહિં... આજે એનો પશ્ચાતાપ થઈ રહ્યો છે... હવે મારા જીવનની બાજી હાથમાંથી સરકી રહી છે. બાજી હાથમાંથી સરકી જાય એનાથી પહેલા હું અનશન કરવા ઈચ્છું છું. ચારે પ્રકારના આહારમાંથી... આહારની લાલસામાંથી મુક્ત થવા ઈચ્છું છું.

અશન એટલે જેનાથી પેટ ભરાય એવા દાળ - ભાત - શાક - રોટલી - ખિચડી - કડી વિગેરે રાંધેલું અનાજ.

પાન એટલે પાણી, શરબત, દુધ, ચા વિગેરે પ્રવાહી પદાર્થો.

ખાદિમ એટલે ફળ અને મેવો વિગેરે.

સ્વાદિમ એટલે બધા પ્રકારના મુખવાસ.

અંતિમ સમયે આ ચારે આહારનો ત્યાગ કરવાનો છે. આ

'અણસણ' પણ કહેવામાં આવે છે. તે ચાર પ્રકારે છે -

દ્રવ્યથી ખાવા - પીવાના પદાર્થોની તથા વસ્ત્રાદિ વાપરવાના પદાર્થોની મર્યાદા કરવાની છે.

ક્ષેત્રથી ઘરની - હોસ્પીટલની એક બે રૂમની જેવી જરૂરિયાત હોય તે પ્રમાણે મર્યાદા કરવાની છે.

કાળથી અણસણ એક દિવસ - બે દિવસ - કલાક - બે કલાક કે ૧૦-૧૦ મિનિટ માટે પણ કરી શકાય છે. એ માટે યોગ્ય કાળ મર્યાદા કરવાની છે.

ભાવથી સતત પોતાની જાતને અથવા જેને અંતિમ આરાધના કરાવવી છે એના ભાવોને ચઢતા રાખવાના છે. દેહની અનિત્યતા આત્માની અમરતાનું ભાન કરવાનું - કરાવવાનું છે. રાગ-દ્વેષ રહિત સમતા - સમાધિભાવને મજબૂત કરવાના છે.

## અણસણની શાસ્ત્રોક્ત વિધિ

સમાધિ મરણને પામવા અને માણવા સ્થુલ વિશ્વ સાથેના સંબંધો ઉપર પૂર્ણ વિરામ મૂકવામાં સફળ થવાની અને આત્મામાં લીનતા પામવી અત્યંત આવશ્યક હોય છે. એ મૃત્યુને મહોત્સવ બનાવવાની પ્રક્રિયામાં શાસ્ત્રકાર મહર્ષિઓએ સંથારો લેવાની અથવા અણસણ કરવાની વાત કરી છે.

અણસણ બે પ્રકારે છે - (૧) જાવજ્જીવનું અણસણ.
(૨) સાગારી અણસણ.

ભત્ત પચ્ચક્ખાણ પયન્નામાં કહેવામાં આવ્યું છે કે

કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, પૂર્વધર એવા મહામુનિઓના કહેવાથી, નિમિત્ત શાસ્ત્રથી અથવા દેવની સહાયતાથી જો આયુષ્યની ખબર પડે અને પાકી ખાત્રી થાય તો જ જાવજ્જીવનું અણસણ સ્વીકારી શકાય.

વર્તમાનમાં પાંચમો આરો ચાલે છે તેથી ઉપરોક્ત મહાત્માઓનો વિરહકાળ વર્તે છે. આપણે આપણા આયુષ્યને ચોક્કસપણે જાણી શકતા નથી. હાલમાં આપણું સંઘયણ, સત્વ અને મનોબળ નબળા છે તેથી જો આયુષ્યની ચોક્કસ જાણકારી વગર જાવજ્જીવનું અણસણ કરવામાં આવે અને સમાધિ ન ટકે, સમય વધારે નિકળી જાય તો આર્ત્ત - રૌદ્ર ધ્યાન થવાની સંભાવના નકારી શકાતી નથી. તેથી વિચાર કરીને યોગ્ય અણસણનો સ્વીકાર કરવો.

અણસણ સ્વીકારતાં પહેલાં શ્રી સંઘની, સાધુ ભગવંતની એવં પરિવારની અનુમતી આવશ્યક છે. પોતાના મનની દઢતા પણ અતિ મહત્વની છે. સહુની અનુમતિ મેળવ્યા પછી પરમાત્માની પૂજા ભક્તિ કરે. સમયની અનુકૂળતા મુજબ ત્રણમાંથી એક પ્રકારના દેવવંદન કરે.

(૧) ઉત્કૃષ્ટ દેવવંદન જે ચાર સ્તવનથી થાય છે.

(૨) મધ્યમ દેવવંદન જે એક સ્તવનથી થાય છે. અને

(૩) જઘન્ય દેવવંદન જે ઈર્યાવહિ - લોગસ્સ - શક્રસ્તવ અને એક થોયથી થાય છે.

દેવવંદન કર્યા પછી ગુરુવંદન કરવાનું છે. પ્રથમ ગચ્છાધિપતિને વંદન કરવાનું છે પછી જે મહાત્માની હાજરીમાં

અણસણ સ્વીકારાય છે એમને વંદન કરવાનું છે. પછી ગુરુ ભગવંત હિતશિક્ષા આપી અણસણનો સ્વીકાર કરાવે છે.

એક નવકાર પછી પચ્ચક્ખાણ. ફરીથી નવકાર અને પચ્ચક્ખાણ ફરીથી એક નવકાર અને પચ્ચક્ખાણ અપાય છે તેથી ત્રણ વખત નવકાર અને પચ્ચક્ખાણ અપાય છે. જાવજ્જીવના પચ્ચક્ખાણનો આલાવો આ પ્રમાણે છે :-

अहन्नं भंते तुम्हाणं समी वे, भवचरिमं सागारियं पच्चक्खामि जइमे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ।। अथवा ।। इमाइ वेलाए आहारमुवहि देहं, सव्व तिविहेण वोसरियं ।। अरिहंत सक्खियं, सिद्ध सक्खियं साहूसक्खियं, देवसक्खियं, अप्पसक्खियं, उवसंपज्जामि, अन्नत्थणाभोगेणं, सहसागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, वोसिरामि ।।

## सागारी अणसण

સાગારી એટલે આગાર સહિત. આગાર એટલે છૂટછાટ પૂર્વકની મર્યાદા. સાગારી અણસણ એક - બે દિવસ, એક - બે પ્રહર, બે - ચાર ઘડી જેટલા મર્યાદિત સમય માટેનું અણસણ - અભિગ્રહ. એમાં મૂઠસી પચ્ચક્ખાણની જેમ મૂઠી વાળી... નવકાર ગણું ત્યાં સુધીના ત્યાગનો અભિગ્રહ હોય છે. એમાં આહારનો ત્યાગ... સંસારી કાર્યોનો ત્યાગ તેમજ સંસારના આરંભ-સમારંભાદિનો ત્યાગ કરવાનો હોય છે.

આપણે રોજ રાતના બોલીએ છીએ -

**આહાર, શરીર અને ઉપધિ, પચ્ચક્ખું પાપ અઢાર ;**
**મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર.**

આ પણ એક પ્રકારનું સાગારી અણસણ જ છે.

આગળ જણાવેલી સંઘ અનુમતિ, દેવ-ગુરુવંદનાદિ વિધિ અહીં પણ કરવાની જ છે પરંતુ સમય હાથમાં ન હોય તો એ પ્રમાણે સમય સાચવીને કાર્ય કરવાનું છે. સાગારી અણસણ માટેના પચ્ચક્ખાણનો આલાવો આ પ્રમાણે છે -

अहन्नं भंते तुम्माणं समीवे सागारियं अणसणं उवसंपज्झामि, दव्वओ, खित्तओ, कालओ, भावओ. दव्वओणं मइ सागारियं अणसणं, खित्तओणं इत्थं वा अनित्थं वा, कालओणं अहोरत्तं वा बीयदिन्नं, तइयदिन्नं, वा पासखमणं वा मासखमणं वा भावओणं जाव गहणं न गहिज्झामि, जाव छलेणं न छलिज्झामि जाव सन्निवाएणं अन्नेणं केणइ रोगायंकेणं ऐस परिणामो न परिवडइ ताव मेयं इमं सागारियं अणसणं उवसंपज्झामि, तिविहंपि आहारं असणं खाइमं साइमं अन्नत्थ० सहसा० महत्त० सव्व० वोसिरामि । अरिहंत साख्खेय० सिद्धस० देवस० अप्पस० उवसंपज्झामि, नित्थारगापारगाहोहं । जं जं मणेणं बद्धं जं जं वाएण भासियं पावं, काएण क्यं मिच्छामि दुक्कडं तस्स ॥१॥ अरिहंतो महदेवो, जावज्झीवं सुसाहुणो गुरुणो, जीणपन्नत्तं तत्तं इय सम्मत्तं मए गहियं ॥२॥

અણસણ લઈને સર્વ જીવો સાથે મિચ્છામિ દુક્કડં કરે.

ગુરુવંદના કરે... સાધુ હોય તો પાંચ મહાવ્રત - શ્રાવક હોય તો બાર વ્રત ઉચ્ચરાવે. પછી સમાધિ રહે... ભાવ ઉંચા ચડે એવા ગ્રંથોનું અધ્યયન કરે.

મૃત્યુ જ્યારે સમીપમાં હોય ત્યારે ચઉ શરણ પયન્ના, આઉર પચ્ચક્ખાણ પયન્ના, ભત્ત પચ્ચક્ખાણ પયન્ના, સંથારગ પયન્ના, આરાધના પ્રકિર્ણક, આરાધના પતાકા વિગેરેનુ વાંચન - શ્રવણ અને અધ્યયન રોગાદિની વેદનાને શાંત કરે છે... ધર્મમાં મનની સ્થિરતા અને દૃઢતા વૃદ્ધિંગત થાય છે... સમાધિ મરણ માટે સહાયક બળ પ્રાપ્ત થાય છે.

આત્મા શુભ ભાવનાઓથી ભાવિત થાય છે.

અહો ! અનાદિથી મારો આત્મા પુદ્ગલોની જાળમાં ફસાયેલો છે. હવે આ જાળમાંથી હું બહાર નિકળું... આજ દિવસ સુધી અજ્ઞાનતાથી પૌદ્ગલિક વસ્તુઓ સાથે મેં જે મારાપણાના સંબંધ બાંધ્યા છે તે આજે વોસિરાવું છું.

પૌદ્ગલીક જડ પદાર્થો મારા નથી... હું અનંત જ્ઞાન-દર્શન યુક્ત આત્મા છું... એક માત્ર આત્મા મારો છે. સ્ત્રી-પુત્ર-પરિવાર જે અજ્ઞાનતાથી મેં મારા માન્યા હતા એમ જાણી આજે મારી અજ્ઞાન દશાનો ત્યાગ કરું છું.

સર્વ પૌદ્ગલિક સંબધોને વોસિરાવું છું. એક આત્માનું આલંબન સ્વીકારું છું. આત્માની અનંત શક્તિને ઓળખીને દીનતાનો ત્યાગ કરી... મરણનો ભય છોડીને... જ્ઞાનદશામાં મૃત્યુને મહોત્સવ બનાવવા ઉદ્યમવંત બનું છું. આત્મા તો અમર

છે... આત્મા ક્યારેય મરતો નથી એ તો જુના ઘરને છોડીને નવા ઘરમાં પ્રવેશ કરે છે. આત્માનો નવા ઘરમાં પ્રવેશ મંગલરૂપ બને એ માટે હવે હું સાવધાન છું... જાગૃત છું. હવે આ દેહ ઉપર મમત્વ ભાવ નથી દેહ પરાયો છે આત્મા મારો છે. દેહ ભલે છૂટે મારે એમાં લેશમાત્ર દુઃખ નથી... વેદના નથી.

મારો આત્મા સત્ - ચિત્ - આનંદમય છે... અનંત સુખનો સ્વામી છે. હું આત્મા છું... અરાગી છું... અદ્વેષી છું... અમોહી છું... પૂર્ણાનંદિ... સહજાનંદિ... નિજાનંદિ... આત્માનંદિ છું...

હું અચલ છું... અગમ છું... અલખ છું... અમર છું...

હું અતીન્દ્રિય છું... હું અશરીરી છું... હું અવિનાશી છું...

દેહ વિનાશી છે... સડન-ગલણ-વિધ્વંસણના સ્વભાવવાળો છે. દેહ છૂટે એ એનો સ્વભાવ છે. એમાં મારે કોઇ ચિંતા નથી. હું દેહથી ભિન્ન છું... દેહને ટકાવનારા ઔષધોની પણ મને આવશ્યકતા નથી.

મારી પાસે આત્માને અજરામરતા આપનાર સમતારૂપી દિવ્ય ઔષધિ છે. એની જ મને આવશ્યક્તા છે.

ઘાણીમાં પીલાતાં... મસ્તકે અંગારા મુકાતાં... મસ્તકે કસીને વાધર વીંટી તડકે ઉભા રાખતાં... વાઘણથી ખવાતાં... એવી એવી વેદનાઓ વચ્ચે પૂર્વ મહાત્માઓએ સમતા ટકાવી છે... કર્મક્ષય કરી આત્માને અમરતા અપાવી છે.

હું એ મહાત્માઓનો વારસદાર છું. જિન શાસનને પામેલો પ્રત્યેક જીવ સમાધિ મરણનો હકદાર છે. સમાધિ મરણની પ્રાપ્તિ

સમતા વિના સંભવિત નથી. એવી સમતાના અમીપાન કરવા માટેની શ્રેષ્ઠ તક આજે મને પ્રાપ્ત થઇ છે. તકને તકદિર બનાવી સમાધિ મરણને સાધી લેવું છે.

અંતિમ સમયે મન ક્યાંય ભટકી ન જાય એ માટે જાગૃત રહેવાનું છે... ચિત્ત ક્ષણવાર પણ ભટકી જશે તો અંત સમય બગડી જશે. રાધાવેધ સાધનાર કેવી સાવધાની રાખે છે... ચિત્તની કેવી એકાગ્રતા જાળવે છે ? એવી જ એકાગ્રતા અંતિમ સમયે આત્મ ભાવ... સમતા ભાવમાં મારે જાળવવી છે. હે આત્મન્ ! સાવધાન થા... જાગૃત રહેજે એક ક્ષણ પણ પ્રમાદ સેવીશ નહીં.

પરમાત્માના શાસનને પામી ચોર... લુંટારા... હત્યારા... પાપી... દુરાચારી પણ આત્મભાવમાં રમણતા કરી તરી ગયા છે. પુદ્ગલના રાગને છોડી દે.

ધનની મમતા ધરીશ નહીં.. કાયાની માયામાં મુંઝાઇશ નહીં..

સ્નેહી - સ્વજનોના રાગમાં રંગાઇશ નહીં...

તું એકલો આવ્યો છે... તું એકલો જવાનો છે...

પુદ્ગલના રાગ પાશમાં ફસાઇ જઇશ તો આત્મદશા ટળી જશે.

આત્મદશા ટળી જશે તો ભવભ્રમણ વધી જશે... ફરી એ જ સંસારના ચાર ગતિમાં રઝળપાટ કરવો પડશે...

ના... ના... મારે આવું નથી કરવું...

મારે મારા આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયનું ચિંતન કરવું છે.

આત્માના ઉપયોગમાં સ્થિરતા કેળવવી છે... થોડી સાવધાની... જાગૃતિ... મને મહાન કાર્યસિદ્ધિ અપાવશે...

ભાવશુદ્ધિ કર્મક્ષય કરાવશે... આત્માને નિર્મળ બનાવશે... આત્માને અપૂર્વ ગુણના સ્વામી બનાવશે.. આત્માના સહજાનંદની અનુભૂતિ થશે. પરમાં આનંદની અનાદિની ભ્રમણાઓના ભાંગીને ભૂક્કા થશે... પૌદ્‌ગલિક સુખની ઇચ્છાનો જ નાશ થઇ જશે. હવે આત્મા અપૂર્વ આનંદના ઝુલે ઝુલશે. નથી કોઇ આશા... નથી કોઇ ઇચ્છા... હવે બાહ્ય દુનિયામાં કાંઇ પામવા જેવું નથી દેખાતું... આત્મામાં સર્વ ઇચ્છાઓ શાંત થઇ જાય છે. આત્મા વધુ ને વધુ વિશુદ્ધિને પામે છે. બાહ્ય પદાર્થો... સંબંધો... સુખ સામગ્રી બધા તરફ ઉદાસીનતા અનુભવાય છે.

વિશ્વમાં એક જ સુખ છે તે છે 'આત્માનંદ'

જે જે પદાર્થો પર છે... મારા નથી એમના માટે વિકલ્પો કેવા ? હું તો નિર્વિકલ્પ સમાધિનો ભોક્તા બનીશ... જેટલું આત્માની ભાવદશામાં ઉંચું ચઢાશે તેટલો ઉંચો ચઢીશ. ત્રીજે નહીં તો સાતમે ભવે અવશ્ય સિદ્ધિને વરીશ. મોક્ષ સુખને પામીશ.

## ૧૦. स्मर पंचनमस्कृतिमुदा

હે આત્મન્ !

અતિચારોની શુદ્ધિ દ્વારા મેં આત્માની મલીનતા દૂર કરી છે...

વ્રતોના ઉચ્ચારણ દ્વારા મેં અવિરતિને વિદાય આપી છે...

જીવનમાં આચરેલા અપરાધોની મેં ક્ષમાપના કરી લીધી છે...

સાવદ્ય.. પાપકારી સર્વ ક્રિયાઓના ત્યાગથી હું નિર્વદ્ય બન્યો છું.

અશરણ એવા સંસારમાં મને અરિહંતાદિ ચાર શરણ

સ્વીકારવાની તક મળી છે...

જીવનમાં કરેલા દુષ્કૃત્યોનો ત્યાગ કરી દિધો છે...

જીવનમાં થયેલા સુકૃત્યોની હું અનુમોદના કરું છું...

શુભ ભાવોમાં રમણતા ચાલુ છે...

ચાર પ્રકારના આહારનો આગાર સહિત ત્યાગ કરીને મેં સાગારી અણસણનો સ્વીકાર કર્યો છે.

હવે માનવ જીવનમાં કરવા યોગ્ય સર્વ કરીને હું સંસારની સમસ્ત આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત બન્યો છું. હવે મારું અંતિમ કર્તવ્ય છે પંચપરમેષ્ઠિના રંગમાં રંગાઇ જવાનું છે.

ચૌદ પૂર્વના ધણી પણ અંતિમ સમયે ચૌદ પૂર્વ ગણવા નથી બેસતા પરંતુ એ પણ ચૌદ પૂર્વના સાર સ્વરૂપ નવકારમાં જ સ્વયં સ્થિર થાય છે. પરલોકમાં પ્રયાણ કરતો જીવ તીવ્ર પુણ્યોદયવાળો હોય તો જ એને નવકાર મળે છે.

**પરલોકે જાતાં જો પામે નવકાર,**
**તો પાતિક ગાળી પામે સૂર અવતાર.**

એ જ પરમ પાવન પંચમેષ્ઠિના ચરણનું શરણ જે આત્મ કલ્યાણનું બીજ છે.

રોગીને માટે સ્મરણીય... ભોગીને માટે અને યોગીને માટે ધ્યાન ધરવા યોગ્ય છે.

રાજા અને પ્રજા માટે... શેઠ-શાહુકાર માટે... દીનદુઃખીયા માટે તથા રંક માટે નવકાર સ્મરણીય છે.

દેવ... દાનવ... માનવ બધા માટે આરાધનીય છે.

જીવતાં પણ સ્મરણ કરવા યોગ્ય છે તો મૃત્યુ નજીક દેખાય

ત્યારે વિશેષ સ્મરણીય છે. જ્યારે સંપૂર્ણ નવકારનું સ્મરણ પણ શક્ય ન બને ત્યારે અરિહંત... અરિહંતનો જાપ અને નાદ આત્માને સતત જાગૃતિ બક્ષીને અરિહંતના સાનિધ્યમાં લઇ જઇને સદ્‌ગતિના ભાગી બનાવે છે.

પેલી પારધિના બાણથી વિંધાયેલી સમળી...

વૃક્ષ ઉપરથી નીચે પડીને તરફડી રહી છે... ઘણી જ અલ્પ ક્ષણો હાથમાં છે... પરંતુ સમળીના ભવમાં અપૂર્વ પુણ્યનો યોગ જાગ્યો. સમળીના મોતને સમાધિમય બનાવવા જ જાણે એ માર્ગે મુનિરાજ આવ્યા. એમણે અંતિમ ક્ષણોને ગણતી સમળી જોઇ... તરત એની પાસે પહોંચ્યા એને અંતિમ નિર્યામણા કરાવી પચ્ચક્‌ખાણ કરાવ્યા... નવકાર સંભળાવ્યો અને નવકાર સાંભળતા સાંભળતા સમળીનો જીવ પરલોકની યાત્રાએ ચાલ્યો ગયો... જે ત્યાંથી સિંહલદ્વીપની રાજકુમારી બન્યો. આ છે મહામંગલકારી નવકારનો પ્રભાવ.

હે આત્મન્ ! હિંસક તિર્યંચને પણ મનુષ્ય અને દેવગતિ અપાવનાર એવા નવકારના શરણમાં તું ચાલ્યો જા. તારા રોમ રોમમાં પંચપરમેષ્ઠિને વસાવી લે... તારા લોહિના એક એક બુંદમાં એનો વાસ કરી દે... શ્વાસેશ્વાસે એનું સ્મરણ મજબૂત બનાવી દે. પંચપરમેષ્ઠિના સ્મરણમાં... જાપમાં... ધ્યાનમાં લયલીન બની જા. પરમ શાંતિ અને મહા પ્રસન્નતાનો તને અનુભવ થશે. તારા મનમાં અદ્‌ભૂત સમતા અને સમાધિ છવાઇ જશે. આ સમાધિ જ તને સમાધિ મરણ સાથે સદ્‌ગતિની પરંપરા તથા સિદ્ધગતિને નિશ્ચિત કરી આપશે.

# ૭. અંતિમ સમયની હિતશિક્ષા

જિર્ણવસ્ત્રનો ત્યાગ કરી નવું વસ્ત્ર ધારણ કરવાનું હોય...

જુના ઘરને... ખંડેરને છોડી નવા ઘરમાં જવાનું હોય...

હર્ષ હોય કે શોક હોય ?

બસ ! એ જ રીતે જિર્ણ થયેલા... થાકેલા... નબળા પડેલા... રોગથી ઘેરાયેલા દેહને છોડીને જ્યારે નવા દેહને ધારણ કરવાનો અવસર આવ્યો છે તો શોક શા માટે ?

આપણે પૃથ્વી ઉપરના સામાન્ય જીવ નથી... આપણે તો જિન શાસનને પામેલા ગૌરવવંતા અસામાન્ય માનવી છીએ. આપણી પાસે તો ગળથુથીમાં મળેલા કર્મ અને ધર્મના સંસ્કાર છે. આપણી પાસે તો સમ્યગ્ સમજણ છે...

ધર્મ સર્વ સુખોનું મૂળ છે તો અધર્મ સર્વ દુઃખોનું મૂળ છે.

શાંતિ એ કષાય જય નું પરિણામ છે, અશાંતિ કષાયના તોફાનનું પરિણામ છે.

શાતા એ સેવાને અભયદાનનું ફળ છે, તો અશાતા એ પરપીડા અને હિંસાનું ફળ છે.

રોગ એ વિષયાધિનતાની ચાડી ખાય છે તો નિરોગી કાયા વિષય વિજેતાપણું જાહેર કરે છે.

સમાધિ અરિહંતના સ્મરણમાં છે તો ઉપાધિ એ સંપત્તિ અને

સંબંધોના સ્મરણમાં છે.

હે આત્મન્ !

જાગ... જાગ... પ્રમાદનો ત્યાગ કર...

તારા સાચા સ્વરૂપનો વિચાર કર...

દેહ મળ્યો છે દેહાતીત બનવા માટે... ભવ મળ્યો છે ભગવાન બનવા માટે...

શક્તિ મળી છે સર્વજ્ઞતા પ્રગટાવવા માટે... જીવન મળ્યું છે જગદીશ બનવા માટે...

તું શુદ્ધ આત્મદ્રવ્ય છે... કેવળજ્ઞાન તારો ગુણ છે

કેવળજ્ઞાનથી તું ભિન્ન નથી...

તું કોઇનો નથી... તારું અન્ય કોઇ નથી...

દેહ વિનાશી છે... આત્મા અવિનાશી છે...

તારો આત્મા સર્વ વિકારોથી રહિત છે... નિર્વિકારી છે...

તારો આત્મા સર્વ આધારથી રહિત છે... સ્વતંત્ર છે...

તારો આત્મા સર્વ સંગથી રહિત છે... નિસંગ છે...

જેમ પાણીમાં કમળ નિરંતર જલથી ન્યારું રહે છે તેમ આત્મા શરીરમાં રહેવા છતાં શરીરથી સદા ભિન્ન છે.

જેમ પત્થરને વિષે સુવર્ણ... જેમ દુધને વિષે ઘી...

જેમ તલમાં તેલ... કાષ્ટને વિષે અગ્નિ... સત્તાગત શક્તિરૂપે રહેલા છે તેવી જ રીતે આત્મા પણ શરીરને વિષે શક્તિરૂપે વ્યાપેલો છે.

આત્મા શુદ્ધ આનંદથી યુક્ત છે... મહા નિર્મળ છે...

સર્વ કષ્ટ તથા સર્વ વ્યાધિથી મુક્ત છે...

આત્મા અપાર સુખથી પરિપૂર્ણ અને સર્વ પુદ્ગલ સંગથી રહિત છે...

એક માત્ર આનંદમય... પરમાત્મ સ્વરૂપી...

સર્વ વિકલ્પથી રહિત... સ્વ સ્વભાવમાં લીન...

એવો શુદ્ધ આત્મા જ નિરંતર ધ્યાન કરવા યોગ્ય છે.

હે આત્મન્ ! જ્યારે તું તન્મય સ્વરૂપે આવા આત્મ સ્વરૂપનું ધ્યાન ધરીશ ત્યારે ક્ષણવારમાં કર્મોનો નાશ કરી શુદ્ધ... નિર્મળ... સ્ફટિકરત્ન સમાન આત્માનુભૂતિ... આત્મ સાક્ષાત્કારને પામીશ.

આત્માનુભૂતિ થતાં જ સર્વ કલ્પિત સુખના ભ્રમથી તું મુક્ત થઇશ.

સંપૂર્ણ શાંત... સ્થિર... ચિત્તવંત... અચલ... નિર્વિકલ્પ સમાધિને પામીશ.

હે આત્મન્ ! બહાર ભટક મા ! આ આત્મા જ સમસ્ત કલ્યાણનું નિધાન છે... સમસ્ત સુખોનું ભાજન છે... સમસ્ત રાગદ્વેષથી રહિત છે.. મહાસુખમય... હર્ષમય... જ્ઞાનમય... અજરામર.. .શિવસ્વરૂપી... બ્રહ્મસ્વરૂપી... જ્યોતિમય છે.

હે આત્મન્ ! આવા અનોખા આત્મસ્વરૂપમાં લીન બની જા... મોહ-માયા-મમતા-આસક્તિ સ્વયંમેવ દૂર ચાલ્યા જશે...

સંસાર ભૂલાઇ જશે.

★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★

હે આત્મન્ ! સાવધાન બનજે... સમય નજીક આવી રહ્યો છે.

જરા પણ મુંઝાઇશ નહીં... ગભરાઇશ નહીં..

સ્વસ્થતા ગુમાવીશ નહીં...

ધીરજને ધારણ કરજે... મનને મજબૂત બનાવજે...

ઘર, પરિવાર, તારી વસાવેલી વસ્તુઓ બધામાંથી તારું મન પાછું ખેંચી લે. આ બધામાં તારું કશું જ નથી.

આ શરીર પણ તારું નથી... એના ઉપરથી મમત્વ ઘટાડી દે.

શરીર આત્માથી ભિન્ન છે...

રોગ-વેદના શરીરને થાય છે... આત્માને એની સાથે કોઇ લેવા-દેવા નથી..

તું રોગ અને વેદના મુક્ત છે...

પત્ની-પુત્ર બધાની ચિંતામાંથી મુક્ત થા...

ખોટા વિકલ્પો અને વિચારોમાંથી તારા મનને મુક્ત કર..

મનને શુભ ભાવનામાં જોડી દે...

મનને ધીરે ધીરે આત્મામાં સ્થિર કર...

પરમાત્માના ધ્યાનમાં એકાગ્રતા કેળવવા પુરૂષાર્થ કર...

હું એકલો આવ્યો છું... એકલો જવાનો છું... મારા પ્રભુ મારી સાથે છે...

હવે મને સંસાર પ્રત્યે કોઇ રાગ નથી... સંસારનો મોહ નથી...

સંસારના સર્વ સંબંધો અને સર્વ પદાર્થોને વોસિરાવું છું...

હવે હું અરિહંતના શરણનો સ્વીકાર કરું છું...

હું સિદ્ધ ભગવંતના શરણે જાઉં છું...

હું સાધુ ભગવંતના શરણે જાઉં છું...

હું કેવલી પ્રરૂપિત ધર્મને સ્વીકારું છું...

સર્વ જંજાળમાંથી હું મુક્ત છું... અરિહંત ધ્યાનમાં મસ્ત છું.

અરિહંત... અરિહંત... અરિહંતની ધૂન મચાવો... મને અરિહંતમય બનાવો...

## ઉત્તરાધ્યયન સૂત્રમાંથી હિતશિક્ષા

જીવનદોરી તૂટ્યા પછી સંધાશે નહીં. માટે પ્રમાદ કરશો નહીં.

વૃદ્ધાવસ્થા આવતાં કોઇ હાથ નહીં ઝાલે માટે વિચાર કરો કે પ્રમાદી, હિંસક અને સંયમ વગરના જીવને કોનું શરણ મળશે ?

જે મનુષ્ય અજ્ઞાનને વશ થઇ પાપી પ્રવૃત્તિઓ કરીને ધન ઉપાર્જન કરે છે તે જીવ વાસનાની જાળમાં ફસાઇને અનેક કર્મો કરતો થકો નરકમાં જાય છે.

ઘરફોડુ ચોર જેમ છીંડુ (છીદ્ર) પાડવાની જગ્યાએ એ જ પોતાના દુષ્કર્મોથી પકડાઇ જાય એટલે શિક્ષાને પામે છે તેમ દરેક જીવ પોતાના કરેલા કૃત્યનું ફળ આ લોકમાં તેમજ પરલોકમાં ભોગવે છે. ભોગવ્યા વિના છૂટકો જ નથી.

પ્રમાદી જીવ આ લોકમાં કે પરલોકમાં ધન વડે રક્ષણ નથી પામતો.

અંધારામાં દીવો બુઝાઇ ગયા પછી અજવાળામાં જોયેલો માર્ગ પણ નજરમાં આવતો નથી. તેવી જ રીતે પ્રમાદી વ્યક્તિ અનંત મોહને કારણે મોક્ષમાર્ગને જાણવા છતાં જોતો નથી.

પ્રમાદરૂપી ઘોર નિદ્રામાં સૂતેલા લોકોની વચ્ચે રહેવા છતાં સુપ્રજ્ઞાવાળા જ્ઞાની સાધક સદા જાગૃત રહે છે. પ્રમાદનો એક ક્ષણ પણ વિશ્વાસ કરતાં નથી. કારણ કાળ ભયંકર છે... શરીર સંપત્તિ

ઘણી દૂર્બળ છે તેથી ભારંડ પક્ષીને દૃષ્ટાંતે અપ્રમાદ પણે ગતિ કરતાં રહેવું જોઇએ.

કાળ વ્યતીત થતાં વૃક્ષના સૂકા પાંદડા સફેદ-પીળા થઇને ખરી પડે છે. તેવું જ મનુષ્ય જીવન છે... ડાળની અણી ઉપર રહેલા જળ બિન્દુની જેમ મનુષ્ય જીવન ક્ષણિક છે... આયુષ્ય અલ્પ છે - વિઘ્નો ઘણાં છે - તેમાં પૂર્વે બાંધેલા અસંખ્ય કર્મોને ખપાવવા છે... વિશ્વના તમામ જીવોને સદાને માટે મનુષ્યભવની પ્રાપ્તિ અતિ દુષ્કર છે તેથી હે જીવ ! ક્ષણમાત્ર પણ તું પ્રમાદ કરીશ નહીં.

સંસાર સાગરરૂપે છે... તેનો પ્રવાહ વિશાળ છે... તેને તરીને બીજા પાર પહોંચવું અતિ કઠિન છે. છતાં કોઇ વીરલ પુરુષ પાર પહોંચી ગયા છે. તેમાંના એક મહાજ્ઞાની પ્રભુ મહાવીર છે. તેમણે કહ્યું છે કે મૃત્યુના બે ભેદ છે - (૧) અકામ મરણ અને (૨) સકામ મરણ.

સકામ જીવોના અકામ મરણ વારંવાર થાય છે. પરંતુ પંડીતોનાં સકામ મરણ એક જ વાર થાય છે.

કામભોગમાં આસક્ત બાળજીવ અથવા અજ્ઞાની આત્મા ક્રૂર કર્મો કરે છે. જે કામભોગમાં આસક્ત બને છે તે હિંસક અને અસત્ય બોલનારો બને છે. તે કહે છે - ''મેં પરલોક જોયો નથી અને આ કામભોગનું સુખ જે હું પ્રત્યક્ષ ભોગવું છું તે ખરું અને ઈન્દ્રિય ગમ્ય છે.'' વર્તમાનનું સુખ હું પ્રત્યક્ષ ભોગવી રહ્યો છું. અને હસ્તગત છે. કોણ જાણે છે કે પરલોક છે અથવા નથી.

જુગારી રમતાં રમતાં એક દાવમાં જેમ બધું હારી જાય છે.

તેમ અજ્ઞાની જીવ પોતાના દુષ્કર્મોના ફળને સાંભળીને પરલોકના ભયથી ત્રાસી જાય છે ને અકામ મરણ મરે છે.

સકામ મરણ બધા ગૃહસ્થોને અને બધા સાધુઓને પ્રાપ્ત થતું નથી. સંયમી અને જિતેન્દ્રિય પુણ્યાત્માઓના મરણ આઘાતરહિત અને અતિપ્રસન્ન અવસ્થામાં થાય છે.

શ્રદ્ધાવાન ગૃહસ્થ મન, વચન, કાયા વડે સમભાવ રાખે... સામાયિક કરે અને બંને પક્ષમાં એક રાત્રિ પણ પૌષધ વ્રતને ન છોડે આ પ્રમાણે શિક્ષા પામેલા વ્રતધારી શ્રાવક ગૃહવાસમાં રહેતા છતાં શરીરને છોડીને દેવલોકમાં જાય છે.

સંયમી શીલધારી સાધુની બે અવસ્થા થાય છે. સર્વ દુઃખોથી મુક્તિ અને ઋદ્ધિ-સિદ્ધિવાળી દેવગતિ.

હિંસાથી નિવૃત્ત અને તપ તેમજ સંયમના અભ્યાસી જીવો સાધુ હોય કે ગૃહસ્થ હોય છતાં ઉત્તમ દેવલોકને વિષે જાય છે.

બાલમરણ અને પંડિતમરણની તુલના કરીને બુદ્ધિમાન મનુષ્ય ઉત્તમ પ્રકારના સકામ મરણ ઇચ્છે તથામરણ સમયે, દયા તથા ક્ષમા ધર્મને અંગીકાર કરી પ્રસન્ન રહે.

જ્યારે મરણકાળ આવી જાય ત્યારે જે શ્રદ્ધાથી દીક્ષા લીધી હતી તે જ પ્રકારે ગુરુની સમીપે પીડાજન્ય લોમ હર્ષને ત્યજીને શાંતપણે શરીર છૂટી જવાની રાહ જુએ. મૃત્યુ સમય આવી પહોંચતા મુનિ સમાધિપૂર્વક ભક્ત પરિજ્ઞા, ઇંગિની મરણ અને પાદોપગમનમાંથી કોઇ એકને સ્વીકારી સકામ મરણથી દેહને છોડે છે.

# મહાત્મા સમરાદિત્ય કેવળીનાં વચનો

આ સંસારમાં સર્વ પ્રાણીઓ દુઃખવૃક્ષના બીજથી યુક્ત છે. ભોગની તૃષ્ણાઓ તેમને બાધ કરે છે, ઇન્દ્રિયો તેમની કદર્થના કરે છે, જરાવસ્થા તેમનો પરાભવ કરે છે, ક્રોધરૂપી અગ્નિ તેમને પચાવે છે, માનરૂપી પર્વત તેમને ચૂર્ણ કરે છે, દંભરૂપી જાળમાં તેઓ ફસાય છે, મોહરૂપી અંધકાર તેમને આચ્છાદન કરે છે, લોભરૂપ સમુદ્ર તેમને ડુબાવે છે, વિયોગાદિક તેમનું ખંડન કરે છે, કાળરૂપી રાક્ષસ તેમનો ગ્રાસ કરે છે, કર્મનાં ચક્રો તેમને ભમાવે છે, અને મૃત્યુ તેમના કોળીયા કરી જાય છે.

એવી રીતે આ સંસારમાં કોઇ સુખી નથી, માત્ર જૈન દીક્ષા પામેલા મુનિઓ જ સુખી છે, નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિઓમાં ભમનારા પ્રાણીઓમાં કેટલાએક રોગથી પીડાયા તેની વેદનાને લઇને નિર્વેદ પામે છે, તેઓ જ્યારે સંસારના એવા સ્વરૂપને સમજી નિવૃત્તિ-મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે ત્યારે તેમને સુખ મેળવવાનો નિશ્ચય થાય છે એટલે પછી તેઓ દુઃખને ગણતા નથી. મુનિઓ પણ કર્મરૂપી રોગને દૂર કરવાને માટે જિનરૂપ વૈદ્યના શરણે જાય છે. અને ચારિત્રાચારરૂપ પથ્ય પાળી સુખ આવવાનો નિશ્ચય કરી દુઃખને ગણતા નથી.

૧ - હે ભવ્યાત્મા ! તું તારા જીવનને ધાર્મિક વૃત્તિમાં સદા

જાગ્રત રાખજે અને સન્માર્ગે પ્રવર્તવાનો પ્રયત્ન કર્યા કરજે, હે આત્મા ! તું ખાત્રી રાખજે કે - જ્યારે શીત, તાપ વિગેરે ભાવોથી તારા ચિત્તની લાગણી જરાપણ દુઃભાશે નહી અને સર્વ સાધક તથા બાધક ભાવોને એક સરખી રીતે સહન કરી શકવાની અભેદ વૃત્તિ થશે ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થશે.

૨ - હે ભદ્રાત્મા ! જ્યારે જ્યારે તારું ચિત્ત અનાદિ વાસનારૂપ પવન વડે જ્ઞાનના આસ્વાદનથી બીજે સ્થળે દોરાઇ નહિં જાય, પરંતુ કેવળજ્ઞાનના રસમાં જ મગ્ન બન્યું રહેશે ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે.

૩ - હે પવિત્ર આત્મા ! જ્યારે સમ્યગ્ જ્ઞાનરૂપી નિર્મળ જળ વડે તારું મનરૂપી વસ્ત્ર સર્વ પાપરૂપ મલથી રહિત થઇ શુદ્ધ થશે ત્યારે જ તને પરમસુખની પ્રાપ્તિ થશે.

૪ - હે શુદ્ધાત્મા ! જ્યારે તારો આત્મા સંપૂર્ણ જ્ઞાન વડે જગતના ન્હાના મોટા સર્વ જીવોને સમદષ્ટિથી અવલોકશે ત્યારે જ તું પરમ આનંદનો ભોક્તા થઇશ.

૫ - હે કલ્યાણેચ્છુ જીવ ! જ્યારે પાણીના પરપોટા જેવા આ સંસારના ક્ષણિક ભાવોને સમેટીને તારું ચિત્ત આત્મ-ઉદધિમાં સ્થિતિવાળું થશે, એટલે સર્વ સાંસારિક પદાર્થો ઉપરથી વિરક્ત બની તારું ચિત્ત પરમશાંતિના સ્થાનરૂપ આત્મામાં સ્થિત થશે ત્યારે જ તને પરમ આનંદના મહાસાગરનું તીર પ્રાપ્ત થશે.

૬ - હે સુબુદ્ધ આત્મા ! જ્યારે તારું ચિત્ત પરવસ્તુની અપેક્ષાવાળી પરાધીનતાનો ત્યાગ કરી અનુભવના સામ્રાજ્યને

સ્વાધીન કરવા ઇચ્છશે ત્યારે જ તને પરમસુખરૂપી સૂર્યના ઉદયગિરિના દર્શન થશે.

૭ – હે પ્રબુદ્ધ જીવ ! સુષુપ્તિ, સ્વપ્ન અને જાગરણ એ ત્રણે અવસ્થાનું ઉલ્લંઘન કરી જ્યારે તારું ચિત્ત જાગરણ દશારૂપ ચોથી અવસ્થાને અનુભવશે ત્યારે જ તને પરમ સુખનો સ્વાદ પ્રાપ્ત થશે.

## ક્ષેમંકર શ્રાવકનું ધ્યાન (દૃષ્ટાંતમાળા)

પૂનમથી રાત હતી, ચાંદની ખીલી ગઇ હતી. જગત જંપી ગયું હતું, પશ્ચિમનો મંદ મંદ પવન વહી રહ્યો હતો.

તે વખતે વસંતપુર, નગરના ક્ષેમંકર શ્રાવકે એકાંત ઓરડામાં આસન પાથર્યું. પૂર્વ દિશા તરફ મુખ રાખી પદ્માસન લગાવ્યું. દૃષ્ટિને નાસિકાના અગ્ર ભાગે સ્થાપી મૈત્રી આદિ ભાવનાઓથી મનને સ્વચ્છ અને સાત્ત્વિક ભાવથી ભરપૂર કર્યું. મન-વચન-કાયાની ચંચળતાને પ્રયત્નપૂર્વક દૂર કરી અને પોતાનો આત્મા અમૃતરસથી છલોછલ ભરેલા કુંભ સમાન છે એવી ધારણા મજબુત કરી, એ રીતે મનને એકાગ્ર અને સુસ્થિર કરી જિનેશ્વર ભગવંતના ધ્યાનમાં પરોવી દીધું.

અહા ! કેવું સમવસરણ ! ઘટાદાર અશોક વૃક્ષ ! સ્ફટિકમય સ્વર્ણ સિંહાસન અને ઉપર છત્રત્રયી ! શું અરિહંત પરમાત્માનું રૂપ ! જગતના સર્વ જીવોને હિતકર ! અનુપમ ! જેના સૌંદર્યની તોલે કોઇ ન આવી શકે ! અદ્ભૂત અતિશયોથી સભર ! અને આમર્ષ ઔષધિ આદિ લબ્ધિઓથી નિર્ભર ! કરોડો દેવો પ્રભુસેવાના કોડથી

દોડી આવ્યા છે ! જયનાદોનો ગર્જારવ કરી રહ્યા છે ! મંગલ બ્દો ઉચ્ચારી રહ્યા છે ! ચોસઠે ઇન્દ્રો પ્રભુચરણોમાં નમી પડ્યા છે ! ત્રણ ભુવનની સંપત્તિ પ્રભુ ચરણોમાં તૃણતુલ્ય દેખાય છે !

અશોક વૃક્ષ અને છત્રત્રયીની નીચે દેવનિર્મિત સિંહાસન પર બિરાજમાન ! અગ્લાનપણે જગજ્જંતુઓના કલ્યાણ માર્ગમાં પ્રવૃત્ત! સર્વ જીવો પોતપોતાની ભાષામાં સમજી શકે અવી અલૌકિક ધર્મદેશના આપતું પરમાત્માનું સ્વરૂપ ! અહો કેવું મનોહર ! માનસિક સર્વ પીડાઓને શમાવવા માટેનું પરમ ઔષધ ! સર્વ સંપત્તિઓનું અવધ્ય બીજ ! ચક્રાદિ એક હજાર ને આઠ લક્ષણથી લક્ષિત ! આ રૂપ ખરેખર ! સર્વાતિશયપુણ્ય-તીર્થંકર નામકર્મથી આકર્ષાયેલા શાંત-પવિત્ર પરમાણુઓથી નિર્મિત છે ! સાચે ! આ રૂપ મૃત્યુલોકના ભવ્યાત્માઓને પરમપદ પ્રાપ્તિ કરાવવાનું અમોઘ સાધન છે ! અસાધારણ પ્રભાવવંતુ છે ! દેવો, વિદ્યામંત્ર-સિદ્ધ પુરુષો તેમ જ યોગીજનોથી વંદ્ય છે ! વરેણ્ય છે ! પૂજ્ય છે !

અને સર્વ કર્મથી રહિત બની અશરીરી થઇ સિદ્ધ-શીલા ઉપર પહોંચી ગયેલા સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ !!! રૂપ રહિત, અરૂપી, કેવલજ્ઞાન સહિત, અસંખ્ય આત્મ પ્રદેશો અનંતાઅનંતજ્ઞાન-દર્શનની, સુખ-વીર્યની જ્યોતિથી ઝગમગ ઝગમગ ઝલકી રહ્યા છે. હે પ્રભુ !

**જો હી હે રૂપ તેરા, વો હી હે રૂપ મેરા !**
**પડદા પડા હૈ બીચમેં, આકર કે ઉડા દેના ॥૧॥**

અહો ! જેવું પરમાત્માનું સ્વરૂપ તેવું જ મારા આત્માનું સ્વરૂપ

! જેવા દ્રવ્ય-ગુણ-પર્યાય પરમાત્માના તેવા જ મારા આત્માના ! અરે ! પરમાત્માએ સાધક દશામાં "સવિ જીવ કરું શાસનરસી" પ્રાણીમાત્રના કલ્યાણની ભાવનાના ગીત ગાયા અને હું એમનો સેવક સંસારના ક્ષણિક સુખમાં પુરાયો ! સ્વાર્થમાં જ અટવાયો !

પરમાત્માએ જીવમાત્રના આત્મતત્ત્વ સાથે પ્રીતિ જોડી અને હે આત્મન્ ! તારે સગાઇ - નીકટતા જીવ સાથે છે કે જડ સાથે ? જોજે જડ પ્રત્યે વૈરાગ્ય કેળવજે, ઉદાસીન બનજે, પણ જીવો પ્રત્યે ઉદાસીન ન બનીશ. જીવ ! તારો અનંતકાળ સંસાર પરિભ્રમણમાં એળે ગયો ! તેં કર્મ - દુશ્મન સાથે મિત્રતા કરી ! તારા શુદ્ધ સહજાત્મ સ્વરૂપને કદી ન વિચાર્યું ! ભવચક્રના દુઃખમય પરિભ્રમણને તું ભૂલીશ નહિં ! જો જે પ્રમાદ અને અજ્ઞાન નામના મોહરાજાના યોદ્ધાઓ ધર્મપુરૂષાર્થની અમૂલ્ય તકને ઝુંટવી ન જાય ! જાગ-જાગ-જાગ- ! ભાવનિદ્રાને આધીન ન થા ! ધ્યાન પૂર્ણ થયું.

## શ્રી શ્રમણભદ્ર મુનિની સમતા

શ્રમણભદ્ર મુનિ ગુરુની આજ્ઞાથી એકલવિહાર પ્રતિમા અંગીકાર કરી, એકદા શરદઋતુને સમયે મહાઅરણ્યમાં રાત્રિને વિષે પ્રતિમા ધારણ કરીને રહ્યા.

ત્યાં સોયની જેવા તિક્ષ્ણ મુખવાળા હજારો ડાંસો તે મુનિના કોમલ શરીર ઉપર લાગીને લોહી પીવા લાગ્યા. તે ડાંસોના - કરડવાથી સુવર્ણ જેવા તે મુનિ લોહ જેવા શ્યામ થઇ ગયા, તે ક્ષમાધારી મુનિ તે ડાંસોને ઉડાડતા પણ ની, ઉલટો એવો વિચાર કરતા હતા કે - આ વ્યથા મારે શી ગણત્રીમાં છે, આથી અનંત

ગણી વેદના નારકીપણે મેં અનંતીવાર સહન કરી શકે છે, વળી આ શરીર જીવથી ભિન્ન છે, અને જીવ આ શરીરથી જુદો છે, એ પ્રમાણે જાણતાં છતાં પણ ક્યો ડાહ્યો માણસ શરીર પર મમતા કરે ! દેહ એ પુદ્‌ગલનો પિંડ છે, તે અનિત્ય છે, જીવ અમૂર્ત અને અચળ છે. તે અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્ર ધર્મવાળો છે. સ્વસ્વરૂપમાં જ રમણ કરી રહ્યો છે, ભવભ્રમણથી શ્રાન્ત થયેલો છે, અને પૌદ્‌ગલિક પરભાવના કર્તૃત્વાદિ ધર્મથી રહિત છે, ઇત્યાદિક વિવેકે કરી શુભ ભાવના ભાવતા થતા તે ડાંસોની વ્યથાથી તેમના શરીરનું સઘળું લોહી શોષાઇ ગયું, એથી તે જ રાત્રિએ તે મુનિ કાળ કરીને સ્વર્ગે ગયા. આ પ્રમાણે એમનું જીવન વાંચીને ભવ્ય આત્માએ જે સુખ-દુઃખ આવે તે સમભાવે સહન કરવું.

આ તો મહાત્મા પુરુષોનો સિંહનાદ છે, કે જે કાલે કરવાનું હોય તે આજે કરો, અને આજે કરવાનું હોય તે હમણા કરો.

એક મુહૂર્ત જેટલા ટુંકા વખતમાં પણ અનેક વિઘ્નો આવે છે, માટે આવતા વખતની રાહ ન જુઓ.

## મહાબળ મુનિનું ધ્યાન (આત્માને ઉપદેશ અને મોક્ષ)

દીક્ષા અંગીકાર કરી મહાબળ મુનિ સાગરતિલક નગરની બહાર આવી ધ્યાનમાં ઉભા છે. આ મહાત્માની આત્મધર્મમાં નિશ્ચળતા મેરુની માફક હતી. પૃથ્વીની માફક સર્વ પરિસહો સહન કરવાની સહનશીલતા હતી. તેની મુખમુદ્રા ચંદ્રની માફક સૌમ્ય યાને શાંત હતી. આકાશની માફક તેને કોઇ તરફના આલંબનની જરૂર ન હતી.

શંખની માફક રાગાદિકથી નહિં રંગાવારૂપ નિરંજનતા હતી.

પ્રથમ સંવેગરંગમાં પછી શાંતરસમાં રહી અંતરંગ શત્રુઓનો - કામક્રોધાદિનો નાશ કરતા હતા.

અનુક્રમે પૃથ્વીતળપર વિચરતાં એક વખત ક્લિષ્ટ કર્મ ખપાવવાં અને શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું એ જ જેમનુ લક્ષ્યબિંદુ હતું તેથી તરત કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાનસ્થપણે ઉભા રહ્યા, ત્યાં પૂર્વભવની સ્ત્રી કનકવતી આવે છે અને તેમને ફરતા લાકડા ગોઠવી અગ્નિ મૂકે છે.

તે વખતે મહાબળ મુનિ આત્માને ઉપદેશ આપે છે. દેહ તથા આત્માની ભિન્નતાનું જ્ઞાન આવે વખતે જ સ્પષ્ટ નિર્ણીત થાય છે. આજ પરમ કસોટીનો વખત છે. ક્લિષ્ટ કર્મ ખપાવવાનો વખત આવો જ હોય છે. ઘણા વખતથી સુદઢ કરેલ જ્ઞાનને અજમાવવાનું પરમ કારણ કોઇક વખતે જ મળે છે.

ગોખેલા ક્ષમા કરવાના પાઠો અત્યારે જ અમલમાં મૂકવા યોગ્ય છે. લાંબા વખતથી દેહદમન કરવાનો અભ્યાસ આવે અવસરે જ ઉપયોગમાં આવે છે.

પોતાની ચારે બાજુ લાકડાં ખડકાય છે, ખડકનાર કોણ છે ? શા માટે ખડકે છે ? તેનું પરિણામ શું આવશે ? અગ્નિ પણ લગાડી, લાકડા બળવા લાગ્યાં અને શરીર પણ બળવાની તૈયારીમાં છે. બળવા પણ લાગ્યું, આ સર્વે વાત, મહાબળમુનિથી અજાણી નહોતી, ગુરુશ્રીએ આગળથી ચેતાવેલ પણ હતો કે કનકવતી છેવટનો ઉપસર્ગ કરશે, પોતાનું વેર લેશે.

તેમ મહાબળ મુનિ પણ અત્યારે જ્ઞાનદૃષ્ટિમાં છે. ચર્મદૃષ્ટિથી તેને નજરે જુવે છે, આમાંથી નાસી છૂટવું હોય તો છૂટાય તેવું છે, કનકવતીને શિક્ષા આપવી હોય આપવાનું સામર્થ્ય પણ પોતામાં છે, આ શહેરનો રાજા તે પણ તેમનો પુત્ર અને પરમભક્ત છે, આટલું છતાં આ મુનિએ આવો અસહ્ય ઉપસર્ગ શા માટે સહન કર્યો હશે ? એ સામાન્ય વાંચનારને અજાયબી ઉત્પન્ન કરનાર છે, અને છે પણ તેવું જ. પણ આયુષ્ય થોડું અને ઋણાનુબંધ વધારે એટલે બીજો ઉપાય શું ?

દેહાધ્યાસ કે દેહ ઉપરનું મમત્વ સર્વથા છુટેલ હોવાથી તેનું દેહનું ગમે તેમ થાય મારે તો બંદીખાનામાંથી છૂટવાનું જ, આવી પ્રબળ ઇચ્છાવાળા દેહ ઉપર પ્રેમ શા માટે કરે ? ખરેખર દેહ બંદીખાનું જ છે, આત્મા આવા મલીન પદાર્થોના કિચડથી આવૃત્ત થયેલો છે, તેના મધ્યમાં પડ્યો છે, દેહાધ્યાસથી રીબાય છે, ઝુરે છે અને વારંવાર તેમાં પ્રવેશ તથા નિર્ગમન કર્યા કરે છે.

આવા પરમ દુ:ખના કારણભૂત દેહ અને કર્મનો સર્વથા ક્ષય થતો હોય, ફરી પાછું આવા દેહમાં આવવાનું સદાને માટે બંધ થતું હોય, તો આવા દેહ-બંદીખાનામાંથી છૂટવાની કોણ આનાકાની કરે?

આત્મદશામાં દેહદશાનું ભાન પણ ન હોય, ઉપેક્ષા પણ પ્રબળ, ભાવિ નિર્માણ પણ તેવું ઇત્યાદિ અનેક કારણો આ ઉપસર્ગ સહન કરવામાં ગણી શકાય, વિશેષ કારણ તો તે જ્ઞાની મહાત્મા જ જાણે.

આવા ઉપસર્ગના પ્રસંગે આત્મજાગૃતિની પૂર્ણ જરૂર છે, તે જાગૃતિ આ મહાત્માને હતી, વિશેષ જાગૃતિ માટે પોતે જ દઢતા કરતા ચાલ્યા.

હે જીવ ! શુભ ભાવરૂપ વહાણ ઉપર તું ઘણા કાલથી ચડેલ હોવાથી હવે સંસારસમુદ્રનો કિનારો પામવાની તૈયારી છે, આ સામે જ દેખાય છે. સદ્ભાવનારૂપ વહાણને શુદ્ધ ચિત્તરૂપ વાયુ વડે પ્રેરણા કર કે આ વહાણ તને હમણાં જ કિનારા પર લાવી મૂકશે. સમુદ્ર તરી આવ્યો છે, હવે આ ખાડીમાં કે ખાબોચીયામાં ન ડુબીશ.

હે જીવ ! નારક - તિર્યંચાદિ ગતિઓમાં તે અસહ્ય દુઃખો સહન કર્યા છે, તે યાતનાઓનો વિચાર કરતાં આ યાતના-પીડા તેની આગળ શી ગણત્રીમાં છે ?

આ સ્ત્રી ઉપર તું બિલકુલ અશુભ ચિંતવન ન કરીશ, કર્મ ઉન્મૂલન કરવાના કાર્યમાં આ સ્ત્રી તને ખરખર મદદગાર થઇ છે અને તેથી તે તારા એક પરમ મિત્ર સમાન છે.

હે ચેતન ! તું જે દેહમંદિરમાં રહ્યો છે તે તારાથી જાુદું છે, આ બાહ્ય ઘર બળવાથી તું બળવાનો નથી, તારો નાશ થવાનો નથી. તું અમર અને અરૂપી છે, આ અગ્નિ પૂર્વસંચિત કર્મમળને વિશુદ્ધ કરે છે, બાળીને રાખ કરે છે. એટલે તે પણ અહિતકર નથી. ઇત્યાદિ પ્રબળ ભાવનાના બળથી કનકવતી ઉપરથી દ્વેષભાવ અને દેહ ઉપરથી મમત્વભાવ શાંત કરી સમભાવની સરલ શ્રેણીએ તે મહાત્મા મહાબળ મુનિ આગળ વધ્યા, શુભાશુભ કર્મો પરથી મમત્વભાવ તદ્દન છૂટી ગયો, દેહથી આત્મા તદ્દન જાુદો જ

અનુભવાયો.

આ આત્મસ્થિતિમાં ઘાતિકર્મનો ક્ષય થતાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, બહારથી લાકડાનો અગ્નિ પ્રજ્વલિત થઇ રહ્યો છે અને અંતરમાં શુક્લધ્યાનાગ્નિ જાજ્વલ્યમાન થઇ રહ્યો હતો, આ અંતર અગ્નિની મદદથી ભવોપગ્રાહિ કર્મો - બાકીના ચાર કર્મો પણ બળીને ભસ્મીભૂત કરી નાખ્યા.

થોડા જ વખતમાં તે મહાત્મા મહાબળ મુનિ અંતકૃત કેવલી થઇ કર્મથી સર્વથા નિવૃત્તિ પામી મોક્ષે ગયા અને હંમેશને માટે તે પવિત્ર આત્માએ જન્મ, જરા, મરણાદિ ક્લેશોને જલાંજલિ આપી.

## આલોયણ વિધિ

### (સર્વ પાપ નિષ્ફલના બોલો)

મારા જીવે મનુષ્યભવે બાહિર આત્માએ કરીને મોટા કર્મ બાંધ્યા હોય, ભવાભિનંદીપણું કરીને કર્મ બાંધ્યા હોય, રાત્રિભોજન કરીને કર્મ બાંધ્યા હોય, બત્રીસ અનંતકાય ભક્ષણ કરીને કર્મ બાંધ્યા હોય, બાવીસ અભક્ષ્ય ભક્ષણ કરીને કર્મ બાંધ્યા હોય, વાસી ખાઇને કર્મ બાંધ્યા હોય, કોઇ ઉપર ગુસ્સો કરી કર્મ બાંધ્યા હોય. કોઇપણ જીવને ત્રાસ પમાડી કર્મ બાંધ્યા હોય, કોઇપણ જીવને ભય પમાડ્યા હોય. કોઇપણ જીવને ઉદ્વેગ ઉપજાવ્યો હોય. કોઇપણ જીવને ત્રાસ ઉપજાવ્યો હોય. કપટ કરીને કર્મ બાંધ્યા હોય. માંહોમાંહે ખેદ ઉપજાવ્યા હોય, પારકા અવગુણ બોલીને કર્મ બાંધ્યાં હોય, સ્વપ્રશંસા કરીને કર્મ ૦ ચપલતાઇ કરીને કર્મ ૦ કુડકપટકરીને કર્મ ૦ કોઇને માયાયે કરીને કર્મ ૦ કોઇને મીઠા

વચનો કહીને કર્મ ○ આર્તધ્યાન કરીને કર્મ ○ રૌદ્રધ્યાન કરીને કર્મ ○ કુતુહલ જોવે કરીને કર્મ ○ નાટક જોઇ કરીને કર્મ ○ કોઇને ચોરનો આલ દઇ કર્મ ○ કોઇપણ પચ્ચક્ખાણ ભાંગી કરીને કર્મ ○ કોઇને માયા કપટ કરીને કર્મ ○ વિષય લંપટી થઇ કર્મ ○ આગલાને લલચાવીને તેનું શીલખંડન કરીને કર્મ ○ સતી બલતા કરીને કર્મ ○ કોઇપણ સત્તાને બળે કરીને કર્મ ○ કોઇપણ સત્તાને બળે કરી કોઇને સંતાપી કર્મ ○ પારકા છિદ્ર જોઇ કરીને કર્મ ○ કદાગ્રહ કરીને કર્મ ○ કોઇને ગાલ દઇને કર્મ ○ અનર્થદંડ કરીને કર્મ ○ હોલીની લડાઇ પ્રમુખ જોવે કરી કર્મ ○ ચાલતા, ઉભા રહેતા, ઉઠતા, સૂતા, ભોજન કરતા કોઇ પણ જીવની વિરાધના કરી હોય, દુઃખ ઉપજાવ્યું હોય, તે સર્વ જીવોને ખમાવું છું, તે સર્વ જીવો મારો અપરાધ ખમજો, તે આ ભવમાંહી, પરભવમાંહિ, ભવોભવમાંહી, કોઇ જીવને હણ્યો હોય. હણાવ્યો હોય. હણતાં પ્રત્યે સારું જાણ્યું હોય, તે સવિ હું શ્રી અરિહંત ભગવાનની સાખે, શ્રી સિદ્ધ ભગવાનની સાખે, શ્રી સર્વ સાધુમુનિ મહારાજની સાખે, શ્રી સમ્યક્દૃષ્ટિ દેવોની સાખે, પોતાના આત્માની સાખે, શ્રી તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલની સાખે, શ્રી ગિરનાર તીર્થની સાખે, શ્રી સમેતશિખરજી તીર્થની સાખે, શ્રી આબુજી તીર્થની સાખે, શ્રી અષ્ટાપદજી તીર્થની સાખે, શ્રી સીમંધર સ્વામિ પ્રમુખ વિચરતા તીર્થંકરની સાખે, જે ઉપર લખેલા પાપો મારા આત્માએ કર્યાં હોય તે સવિ હું મન, વચન, કાયાએ કરીને મિચ્છામિ દુક્કડં દઉં છું.

વળી મારા આત્માએ ઘાણીમાં તિલાદિ પીલ્યાનો ધંધો કરીને

કર્મ બાંધ્યા હોય, ખેતીનો ધંધો કરીને કર્મ ૦ વાડી, બગીચા બનાવી કરીને કર્મ ૦ ત્રીસ મોહનીય સ્થાનક સેવીને કર્મ ૦ પ્રથમ સમકિત મોહનીય, મિશ્ર મોહનીય મિથ્યાત્વ મોહનીય, એ ત્રણ મોહનીય સેવીને કર્મ ૦ હવે ત્રણ રાગ તે પ્રથમ કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, એ ત્રણ રાગ કરીને કર્મ ૦ હવે ત્રણ વેદ તે પ્રથમ પુરુષ વેદ, સ્ત્રી વેદ, નપુંસક વેદ એ ત્રણ વેદે કરીને કર્મ ૦ રસનાએ કરીને કર્મ ૦ મન, વચન કાયાએ કરી કર્મ ૦ કુદેવ, કુગુરુ, કુધર્મ એ ત્રણ ઉપર તત્ત્વની શ્રદ્ધા કરીને કર્મ ૦ અનાચારી, માઠી મતિ આપનાર, હીણા પુરુષ, એ ત્રણની સંગતિ કરીને કર્મ ૦ આહાર કરીને કર્મ ૦ નિહાર કરવાએ કરીને કર્મ ૦ આ ભવને વિષે ૦

## હવે અઢાર પાપસ્થાનક આલોવું છું -

પહેલે પ્રાણાતિપાત કરીને કર્મ બાંધ્યા હોય. બીજે મૃષાવાદ કરીને કર્મ ૦ ત્રીજે અદત્તાદાન લઇ કરીને કર્મ ૦ ચોથે મૈથુન સેવીને કર્મ ૦ પાંચમે પરિગ્રહ કરીને કર્મ ૦ છઠ્ઠે ક્રોધ કરીને કર્મ ૦ સાતમે માને કરીને કર્મ ૦ આઠમે માયા કરીને કર્મ ૦ નવમે લોભ કરવે કરીને કર્મ ૦ દશમે રાગે કરીને કર્મ ૦ અગિયારમે દ્વેષ કરીને કર્મ ૦ બારમે ક્લેશ કરીને કર્મ ૦ તેરમે અભ્યાખ્યાને કરીને કર્મ ૦ ચૌદમે પૈશુન્ય (ચાડી) કરીને કર્મ ૦ પંદરમે રતિ અરતિ કરીને કર્મ ૦ સોળમે પર પરિવાદ કરવે કરીને કર્મ ૦ સત્તરમે માયા મૃષાવાદ કરીને કર્મ ૦ અઢારમે મિથ્યાત્વશલ્ય કરીને કર્મ ૦ એ અઢાર પાપસ્થાનક કરીને કર્મ બાંધ્યા હોય આ ભવને વિષે ૦ વળી મારા આત્માએ ચાર કષાયે કરીને કર્મ ૦ પાંચ આશ્રવ સેવીને કર્મ ૦

પારકા છિદ્ર જોઇને કર્મ ○ છ કાયની વિરાધના કરીને કર્મ ○ સાત વ્યસન સેવીને કર્મ ○ આઠ મદના દોષે કરીને કર્મ ○ વિશ્વાસઘાત કરીને કર્મ ○ નવ પ્રકારના નિયાણા કરીને કર્મ ○ દશ પ્રકારે યતિધર્મનો અવિનય કરીને કર્મ ○ મારો જીવ ચૌદરાજ લોકમાં ભમીને જે કર્મ ○ પંદર કર્માદાનના વેપાર કરીને કર્મ ○ સોળ પ્રકારના કષાય કરીને કર્મ ○ સત્તર પ્રકારે અસંયમ સેવીને જે કર્મ ○ પાંચ ઇન્દ્રિયના ત્રેવીસ વિષય સેવીને કર્મ ○ પાંચ વિષક્રિયા કરીને કર્મ○ પાંચ પ્રકારના મૈથુન સેવીને કર્મ ○ બાર પ્રકારના અવ્રત સેવીને કર્મ ○ પચીસ પ્રકારે કષાયે કરીને કર્મ ○ પચીસ ક્રિયાએ કરીને કર્મ ○ પંદર યોગે કરીને કર્મ ○ ત્રીસ પ્રકારે મોહનીય સ્થાન તે સેવીને કર્મ ○ ચારિત્ર લઇને શુદ્ધ પાલ્યું ન હોય, કોઇપણ વ્રત લઇને ભાંગ્યું હોય, દશ પચ્ચક્ખાણ ભાંગી ખંડન કર્યા હોય, ઉત્સૂત્રની પ્રરૂપણા કીધી હોય, પાપનો ઉપદેશ દઇને કર્મ ○ ખોટા માર્ગ પ્રકાશિત કરીને કર્મ ○ પ્રભુ શ્રી અરિહંતદેવની આણા ભાંગીને કર્મ ○ કોઇને દુર્બુદ્ધિ આપીને કર્મ ○ કોઇને અણછતા આલ (કલંક) દઇને કર્મ ○ કોઇને નિંદા કરીને કર્મ, પાંચ પ્રકારના પ્રમાદ સેવીને કર્મ ○ આ ભવને વિષે ○

જ્ઞાનની, દર્શનની, ચારિત્રની એ ત્રણેય તત્ત્વની વિરાધના કરીને કર્મ ○ દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય એ પાંચ પ્રકારના અંતરાય કીધા હોય. સર્વ વિરતિ ચારિત્ર લઇને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિની વિરાધના કરીને કર્મ ○ શ્રી અરિહંત દેવની, શ્રી સિદ્ધ દેવની, શ્રી આચાર્ય

ભગવાનની, શ્રી ઉપાધ્યાયજી મહારાજની, શ્રી સર્વ સાધુ મહારાજની, શ્રી સાધ્વીજી મહારાજની, સુશ્રાવકની, સુશ્રાવિકાની, દેશવ્રતધારીની, સર્વવ્રતધારીની, ઇત્યાદિ જંગમ તીર્થની અને સ્થાવર તીર્થ શ્રી શત્રુંજય તીર્થની, શ્રી ગિરનારજી તીર્થની, શ્રી આબુ તીર્થની, શ્રી અષ્ટાપદ તીર્થની, શ્રી સમેતશિખર તીર્થની, ઇત્યાદિ જંગમ અને સ્થાવર તીર્થની આશાતના કરીને કર્મ ૦ તે જ તીર્થની નિંદા કરીને કર્મ તે તીર્થોની મૂરખપણે અને અજાણપણે આશાતના કરીને કર્મ ૦ એ બન્ને તીર્થના અવર્ણવાદ બોલીને કર્મ ૦ એ બન્ને તીર્થની હાંસી કરીને કર્મ ૦ આ ભવને વિષે ૦

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન એ પાંચ જ્ઞાનની આશાતના કરી, અવર્ણવાદ બોલી અવિનય કરીને કર્મ ૦

## હવે જ્ઞાનાવરણીય કર્મ સાત પ્રકારે બંધાય છે તે આ પ્રમાણે -

૧. શ્રી સિદ્ધાંત શાસ્ત્ર વેચવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય.

૨. કુદેવની પ્રશંસા કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય.

૩. જ્ઞાનને વિષે સંદેહ આણવાથી, ૪ કુશાસ્ત્ર અને કુગીત, ગાયન વિગેરેની પ્રશંસા કરવાથી, ૫ શ્રી સિદ્ધાંતના મૂલ અર્થને બદલાવીને પોતાની મતિકલ્પનાએ કરી વિપરીત અર્થ કરવાથી. ૬ પારકા દોષ કાઢવાથી ૭ મિથ્યા ઉપદેશ કરવાથી એ સાત બોલે કરીને મારા આત્માએ જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યા હોય.

વળી જ્ઞાનના આઠ અતિચાર તે પ્રમાણે પ્રથમ અકાલે સૂત્ર-

અર્થ ભણવો ગણવો કરવાથી અતિચાર લગાડવાથી કર્મ ૦૧. વિનયહીન જ્ઞાન ભણવાથી કર્મ ૦૨. જ્ઞાનનું બહુમાન ન કરવાથી કર્મ ૦૩. ઉપધાન વિના સૂત્ર ભણવાથી કર્મ ૦૪. વીતરાગભાષિત શાસ્ત્ર ઓલવવાથી કર્મ ૦૫. આપણો ગુરુ ઓળવીને કર્મ ૦૬. સૂત્ર સિદ્ધાંતની આશાતના કરવાથી કર્મ ૦૭. મૂળ સૂત્ર તેના અર્થ એ બહુ ખોટા પ્રરૂપવાથી કર્મ ૦૮. એ આઠ અતિચાર લગાડી કર્મ બાંધ્યા હોય.

## દશ પ્રકારે દર્શનાવરણીય કર્મ બંધાય છે તે કહે છે -

પ્રથમ કુતીર્થની સ્તુતિ પ્રશંસા કરવાથી દર્શનાવરણીય કર્મ ૦૧. કુતીર્થીની અને કુદેવની પ્રશંસા કરવાથી કર્મ ૦૨. કુગુરુ એટલે વીતરાગ સંબંધી શુદ્ધ ચારિત્રથી હીન તેની પ્રશંસા કરવાથી કર્મ ૦૪. મિથ્યાત્વી ઉપર ભાવ ધરવાથી કર્મ ૦૫. કુદેવ ઉપર જીવ હિંસાદિકની માનતા કરીને કર્મ ૦૬. અતિ દુઃખ અને અતિ શોક કરવાથી કર્મ ૦૭. સમકિતને તથા સમકિતીને દુષણ લગાડવાથી કર્મ ૦૮. ધ્રુવતાદિને પાલન કરવાથી કર્મ ૦૯. મિથ્યાત્વને ઉપજાવીને અન્યાય માર્ગની પ્રરૂપણા કરીને કર્મ ૦૧૦. એ દશ પ્રકારે કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યા હોય.

## તથા ત્રીજું વેદનીય કર્મ. બીજી અસાતા વેદનીય કર્મ પંદર પ્રકારે બંધાય તે કહે છે -

પ્રથમ મનુષ્યને મારવાથી અસાતા વેદનીય કર્મ બંધાય ૧. દુઃખ શોક કરવાથી અસાતા ૦૨. જીવોને બંધન બાંધવાથી અસાતા

૦૩. જીવોને છેદન કરવાથી અસાતા ૦૪. જીવોને ભેદન કરવાથી અસાતા ૦૫. વાડી બગીચા કરીને અસાતા ૦૬. પરજીવોને પીડા કરીને અસાતા ૦૭. જીવોને ત્રાસ ઉપજાવવાથી અસાતા ૦૮. આશ્રવના કામો કરવાથી અસાતા ૦૯. પરદ્રોહ કરવાથી અસાતા ૦૧૦. થાપણમોસો કરવાથી અસાતા ૦૧૧. વિધ્વંસ યુદ્ધ કરવાથી અસાતા ૦૧૨. પરપ્રાણીને દમવાથી અસાતા ૦૧૩. પોતાના આત્માને તથા પરના આત્માને ક્રોધ ઉપજાવવાથી અસાતા ૦૧૪. પારકી નિંદા કરવાથી અસાતા ૦૧૫. એ પંદર ભેદે કરીને અસાતા વેદનીય કર્મ બંધાય છે.

**ચોથું મોહનીય કર્મ** તે આ જીવ કર્મે કરીને સંસારમાં ખુતો જ રહે અને અનેક દુઃખો સહન કરે છે, તે મોહનીય કર્મને લઈને, તે મોહનીય કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટ સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણની આ જીવને સંસારમાં રખડાવે છે. એ મોહનીય કર્મ મદિરાપાન સરખું છે, જેમ મદિરા-પાન કરવાથી આ જીવ ઘેલો થઈ જાય, કાંઈપણ ભાવન રહેતું નથી તેમ મોહનીય કર્મથી ઘેરાયેલ આ આત્મા અકૃત્યો કરીને સંસારમાં જ ભમ્યા કરે છે. હે ચેતન ! બુઝ બુઝ.

## તે મોહનીય કર્મની બે પ્રકૃતિ, તેમાં દર્શન મોહનીય છ પ્રકારે બંધાય છે -

પ્રથમ કેવલી કેવલજ્ઞાનની નિંદા કરવાથી દર્શન મોહનીય કર્મ બંધાય. ૧. શ્રી સિદ્ધાંતના વચનોની નિંદા કરવાથી દર્શન મોહનીય

કર્મ બંધાય. ૨. સુગુરુઆદિકની નિંદા કરવાથી દર્શન ૦૩. ચતુર્વિધ શ્રી સંઘની તથા શ્રી જિનમાર્ગની નિંદા કરવાથી દર્શન ૦૪. શ્રી અરિહંત દેવની નિંદા કરવાથી દર્શન ૦૫. કુમાર્ગનો પ્રકાશ કરવાથી દર્શન ૦૬ એ છ પ્રકારે દર્શન મોહનીય કર્મ બાંધ્યાં હોય.

## વળી ચારિત્ર મોહનીય બે પ્રકારે બંધાય તે કહે છે -

પ્રથમ તીવ્ર કષાય કરવાથી ચારિત્ર મોહનીય કર્મ બંધાય. ૧. બીજું હાસ્યાદિક કરવાથી ચારિત્ર મોહનીય કર્મ બંધાય. ૨. એમ બે પ્રકારે કર્મ બાંધ્યા હોય.

## હવે પાંચમું આયુષ્ય કર્મ, તેમાં તિર્યંચનું આયુષ્ય વીસ પ્રકારે બંધાય -

તે કહે છે, શીલવ્રત રહિતપણાથી૦૧. પરને વંચવાથી (તોલ માપ ખોટા કરે) ૨. ખોટું બોલવાથી ૦૩. કુકર્મનો ઉપદેશ કરવાથી ૦૪. શ્રી અરિહંત દેવની નિંદા કરવાથી ૦૫. માયા કપટ કરવાથી ૦૬. અસત વચન બોલવાથી ૦૭. ખરી વસ્તુની સાથે ખોટી વસ્તુ ભેળવવાથી ૦૮. કુડી સાખ ભરવાથી ૦૯. અંબર, કસ્તુરી, કપુરમાં ભેળ સંભેળ કરવાથી ૧૦. રૂપા સોનામાં ભેળ સંભેળ કરવાથી ૦૧૧. કેસરમાં ભેળસંભેળ કરવાથી ૦૧૨. અણુહુતી એટલે જાુઠો આલ ચઢાવવાથી ૦૧૩. ચોરી કરવાથી ૦૧૪. ખાતર પાડવાથી ૦૧૫. હીંગમાં ભેળ સંભેળ કરવાથી ૦૧૬. વઢવાડ ઝઘડા કરવા કરાવવાથી ૦૧૯ નીલ લેશ્યા કરવાથી

૦૨૦. આર્તધ્યાન કરવાથી એ બોલે કરીને મારે જીવે કર્મ બાંધ્યા હોય.

## તથા વીસ બોલે કરીને નારકીનું આયુષ્ય બંધાય તે કહે છે-

પ્રથમ મદમચ્છર ઘણો કરવાથી ૦૧. લોભ ઘણો કરવાથી ૦૨. અહંકાર ઘણો કરવાથી ૦૩. મિથ્યાત્વસેવન કરી અતિ રાચવાથી ૦૪. જીવોને મારવાથી ૦૫. અન્યથા બોલવાથી ૦૬. છતી શકતે કાયરપણું દેખાડી પચ્ચક્ખાણ આદિ ન કરવાથી ૦૭. ભેદ કુભેદ ન જાણવાથી ૦૮. ચોરી ધાડ પાડવાથી ૦૯. નાટક વિષય સેવવાથી ૦૧૦. તીર્થયાત્રા કરનારા સંઘની નિંદા કરવાથી ૦૧૧. સુગુરુની અને જ્ઞાન દાતા, સમ્યક્ત્વદાતા ગુરુની નિંદા કરવાથી ૦૧૨. જીવ-હિંસા કરવાથી ૦૧૩. જિનપૂજા કરનારની પોતે પૂજા ન કરવાથી ૦૧૪. અનાચારી થઈને શિયલ ન પાલવાથી ૦૧૫. મદિરાપાન કરવાથી ૦૧૬. રાત્રિએ આહાર પાણી વાપરવાથી ૦૧૭. મહા આરંભના કાર્યો કરવાથી ૦૧૮. રૌદ્રધ્યાન કરવાથી ૦૧૯. કૃષ્ણ લેશ્યાના પરિણામ કરવાથી ૦૨૦. એ વીસ બોલે કરીને મારા આત્માએ કર્મ બાંધ્યા હોય.

## તથા વીસ બોલે કરીને નારકીનું આયુષ્ય બંધાય તે કહે છે-

પ્રથમ મદમચ્છર ઘણો કરવાથી૦ ૧. લોભ ઘણો કરવાથી ૦૨. અહંકાર ઘણો કરવાથી ૦૩. મિથ્યાત્વસેવન કરી અતિ રાચવાથી ૦૪. જીવોને મારવાથી ૦૫. અન્યથા બોલવાથી ૦૬. છતી શકતે કાયરપણું દેખાડી પચ્ચક્ખાણ આદિ ન કરવાથી ૦૭.

ભેદ કુભેદ ન જાણવાથી ૦૮. ચોરી ધાડ પાડવાથી ૦૯. નાટક વિષય સેવવાથી ૦૧૦. તીર્થયાત્રા કરનારા સંઘની નિંદા કરવાથી ૦૧૧. સુગુરુની અને જ્ઞાન દાતા, સમ્યક્ત્વદાતા ગુરુની નિંદા કરવાથી ૦૧૨. જીવ-હિંસા કરવાથી ૦૧૩. જિનપૂજા કરનારની પોતે પૂજા ન કરવાથી ૦૧૪. અનાચારી થઇને શિયલ ન પાલવાથી ૦૧૫. મદિરાપાન કરવાથી ૦૧૬. રાત્રિએ આહાર પાણી વાપરવાથી ૦૧૭. મહા આરંભના કાર્યો કરવાથી ૦૧૮. રૌદ્રધ્યાન કરવાથી ૦૧૯. કૃષ્ણ લેશ્યાના પરિણામ કરવાથી ૦૨૦. એ વીસ બોલે કરીને મારા આત્માએ કર્મ બાંધ્યા હોય.

## તથા છઠ્ઠું અશુભ નામકર્મ આઠ પ્રકારે બંધાય તે કહે છે-

પ્રથમ મહામિથ્યાત્વ સેવવાથી ૦૧. અધર્મ સેવવાથી ૦૨. સુપાત્રાદિ દાન આપનારને નિંદવાથી ૦૩. શ્રી અરિહંતના મંદિરને પાડી નાખે તેને સારો જાણવાથી ૦૪. કઠોર ભાષા બોલવાથી ૦૫. અનર્થ બોલવાથી અને પાપના આરંભના કામ કરવાથી ૦૬. પારકી નિંદા કરવાથી ૦૭. પરદ્રોહ કરવાથી અને માઠું ચિંતવવાથી ૦૮. એ આઠ બોલે કરી મારા આત્માએ કર્મ બાંધ્યા હોય.

## હવે સાતમું ગોત્રકર્મ તેમાં નીચગોત્ર પાંચ પ્રકારે બંધાય છે તે કહે છે -

પ્રથમ પારકા ગુણને ઢાંકવાથી, છુપાવવાથી ૦૧. પારકા અવગુણ બોલવાથી ૦૨. ચાડી ચુગલી કરવાથી ૦૩. અણસાંભળી, અણછતી વાતને ચલાવવાથી ૦૪. અણદીઠું તે દીઠું

કહેવાથી ૦૫. એ પાંચ બોલે કરીને મારા આત્માએ નીચગોત્ર કર્મ બાંધ્યું હોય.

## તથા આઠમું અંતરાય કર્મ અઢાર બોલે કરીને બંધાય તે કહે છે -

પ્રથમ કોઇના ઉપર કરુણા નહીં આણવાથી અંતરાય કર્મ બંધાય ૦૧. દીનદુઃખી ઉપર દયા નહીં આણવાથી ૦૨ અસમર્થ પ્રાણી ઉપર ક્રોધ કરવાથી ૦૩ ગુરુ આદિક વડીલની આજ્ઞાને અનુસરી વર્તન નહીં કરવાથી ૦૪ સમકિતી, તપસીને વંદન નહીં કરવાથી ૦૫. શ્રી જિનપૂજાનો નિષેધ કરવાથી ૦૬. શ્રી અરિહંત કેવલી ભગવાનના વચનોને ઉથાપવાથી ૦૭. શ્રી જૈનધર્મના કાર્યોમાં વિઘ્ન કરવાથી ૦૮. સૂત્રાદિક ભણનારને વિઘ્ન-અંતરાય કરવાથી ૦૯. ભલા પદો ભણનારાને વિઘ્ન કરવાથી ૦૧૦. શુદ્ધાચારમાં વર્તન કરનારને અંતરાય કરવાથી ૦૧૧. પરમાર્થના કાર્ય કરનારની હાંસી મશ્કરી કરવાથી ૦૧૨. વિપરીત પ્રરૂપણા પ્રકાશવાથી ૦૧૩. અસત્ય બોલવાથી૦૧૪. અદત્ત લેવાથી૦૧૫. કોઇના માઠા કર્મને પ્રકાશ કરવાથી ૦૧૬. શ્રી અરિહંત ભગવાને પ્રરૂપેલા શ્રી સિદ્ધાંતની અવહેલના કરવાથી ૦૧૭. શ્રી સૂત્ર-સિદ્ધાંત-પુસ્તકની સારી રીતે સારસંભાળ નહીં કરવાથી ૦૧૮. એમ અઢાર બોલો વડે અંતરાય કર્મ બંધાય.

એમ આઠે કર્મો વડે કરીને મારા આત્માએ આ ભવને વિષે, પરભવને વિષે ભવોભવને વિષે કર્મ બાંધ્યા હોય તે સવિ હું

અરિહંત ભગવાનની સાખે, શ્રી સિદ્ધ ભગવાનની સાખે, શ્રી સર્વ મુનિરાજજીની સાખે, શ્રી સમ્યગ્દષ્ટિ દેવોની સાખે પોતાના આત્માની સાખે, શ્રી તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિની સાખે, શ્રી ગિરનારજી તીર્થની સાખે, શ્રી સમેત શિખર તીર્થની સાખે, શ્રી આબુજી તીર્થની સાખે, શ્રી અષ્ટાપદ તીર્થની સાખે, શ્રી સીમંધર પ્રમુખ તીર્થંકર વિચરતાની સાખે જે ઉપર લખેલા પાપો મારા આત્માએ કર્યા હોય તે સર્વેનું હું મન, વચન, કાયાએ કરીને મિચ્છામિ દુક્કડં દઉં છું.

## અંતિમ આરાધના

શ્રી જિનકથિત જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની આરાધનામાં તત્પર મારો આત્મા એક છે, એ જ મારો છે, આ સિવાય અન્ય સર્વેને મેં ત્યજી દીધા છે. રાગ, દ્વેષ, મહામોહ, અને કષાયરૂપ કારમા મેલને દૂર કરવા ઉદ્યુક્ત થયો છું, સર્વે જીવોને હું ખમાવું છું, સર્વે જીવો મને ક્ષમા આપો, મારે કોઇ પ્રત્યે વૈર વિરોધ નથી. અને તેથી જ મારો આત્મા સાચી શાંતિનો અનુભવ કરી રહ્યો છે.

જે પૌદ્ગલિક વસ્તુઓ કોઇપણ સમયે મારા ચેતન આત્માની સાથે સંબંધ રાખી શકે તેમ નથી, તે જ વસ્તુઓને મારી પોતાની માની તેમાં મમત્વપણાની બુદ્ધિને ધારણ કરી હતી, હાલ તે પૌદ્ગલિક વસ્તુઓને હું છોડી દઉં છું.

ત્રિલોકનાથ શ્રી તીર્થંકરદેવો, શ્રી સિદ્ધ ભગવંતો, શ્રી જિનેશ્વરપ્રણીત ધર્મ અને સુસાધુ પુરુષો મને મંગળરૂપ બનો, ત્રણેય લોકમાં આ ચાર વસ્તુઓ જ સર્વોત્તમ છે, આ ચાર તત્ત્વો જ શરણ

કરવા લાયક છે, આ ચાર શરણા જ સહુ કોઈના મરણને દૂર કરનારા છે, સંસારના પરિભ્રમણથી કંટાળેલો હું પણ આ જ શરણને સ્વીકારું છું.

હું અત્યારે સર્વ વિષયી લાલસાઓથી વિરક્ત બન્યો છું, મનના દુષ્ટ વિકલ્પોને મેં તદ્દન રોકી લીધા છે, હું જગતના સર્વે પ્રાણી વર્ગને બંધુરૂપ ગણું છું, સર્વે સ્ત્રીઓ મારે મન માતા સમાન છે.

આ ભવમાં કે અન્ય ભવમાં મેં જે કાંઇ દુષ્કૃત આદર્યું હોય તે સર્વ પાપોને હું હૃદયના સાચા ભાવપૂર્વક આ અવસરે વારંવાર નિંદું છું, મારા હાથે થયેલા સુકૃતના (પુણ્યના) કાર્યની વારંવાર અનુમોદના કરું છું.

સર્વ પ્રકારના પરિગ્રહ ઉપરની મમતાને મેં છોડી દીધી છે, અનાદિ કાળથી મારી મલીન મનોવૃત્તિએ મને ચોરાશી લાખ યોનીમાં પટક્યો છે, તે મલીન મનોવૃત્તિને હું આજે તિલાંજલી આપું છું.

મારી વર્તમાન આ સઘળી સ્થિતિઓને સર્વજ્ઞ ભગવંતો સાક્ષાત્ જાણી શકે છે, કેવળ મોક્ષની એક ઇચ્છાથી હું સંસારના સર્વ સંબંધથી અળગો બન્યો છું.

જિનેશ્વર ભગવાનના ધર્મ વિનાનું ચક્રવર્તીપણું મને ઇષ્ટ નથી, તે ભગવાનના ધર્મયુક્ત દરિદ્રીપણું મળે તો પણ હું મારી જાતને મહાન ભાગ્યશાળી માનું છું.

સર્વ જીવોને વિષે મૈત્રી, ગુણીજનોમાં પ્રમોદ દુઃખી

આત્માઓને વિષે દયાભાવ અને ધર્મથી વિપરીત વૃત્તિવાળાઓમાં મારો આત્મા માધ્યસ્થ ભાવ ધારણ કરો, એ જ શુભ ભાવનાથી જન્મ-મરણરૂપ મહાદુઃખોનો નાશ કરનાર શ્રી જિનેશ્વર દેવોના શરણે મેં મારા આત્માને સોંપી દીધો છે, તે કરુણાસાગર મહાત્માઓ સદ્‌ભાવપૂર્વક અર્પિત થયેલા મારા સઘળાં કર્મોનો નાશ કરો.

નવકારમંત્રારાધિકા પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા.ના સંગ્રહમાંથી...


શ્રી ભત્ત પયન્ના
શ્રી સંથારગ પયન્ના
વિચારસપ્તતિકા
વ્રત ધરીએ ગુરુ સાખ
પ્રભુ મિલનનો પંથ
કર્મ કરે સો હોય...
ગુરુદેવ!
શ્રી ગચ્છાચાર પયન્ના
ધર્મલાભ !
તત્ત્વ સંચય
ધર્મ કિયે સુખ હોય...
દેવવંદન માળા
શ્રી દંડક પ્રકરણ
શ્રી દેવેન્દ્રસ્તવ પયન્ના
સંબોહ સત્તરિ
આરાધના
પર્યુષણ પ્રસાદી
શ્રી સમાધિ મરણ પયન્ના
અચલગચ્છ શંખનાદ

પુષ્પ ૫૦


સુવર્ણ વરસીતપ અનુમોદના
50
તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

અંતિમ ક્ષણોમાં અરિહંતનું સાનિધ્ય પ્રાપ્ત થાય...

તન-મન અરિહંતમય બને...

શુભ અને શુદ્ધ ધ્યાન રહે...

રોમ રોમમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવના વહેતી બને...

શુભ અને શુદ્ધ ભાવના ભાવતાં - ભાવતાં જ જીવને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટી શકે છે.

અંતિમ ક્ષણોની સમાધિ શુભ ભાવથી જ સફળ બને છે. સમતા અમીરસનું પાન કરી સમતા ભાવમાં જ નિમગ્ન બનીએ.

## ૧. अशनं त्यज

મારા જન્મનો પ્રારંભ આહારથી થયો... જીવનભર આહાર સંજ્ઞાનો ગુલામ બનીને રહ્યો... જે તપાદિ આચરવા જોઇએ એ મેં આચર્યા નહિં... આજે એનો પશ્ચાતાપ થઇ રહ્યો છે... હવે મારા જીવનની બાજી હાથમાંથી સરકી રહી છે. બાજી હાથમાંથી સરકી જાય એનાથી પહેલા હું અનશન કરવા ઇચ્છું છું. ચારે પ્રકારના આહારમાંથી... આહારની લાલસામાંથી મુક્ત થવા ઇચ્છું છું.

અશન એટલે જેનાથી પેટ ભરાય એવા દાળ - ભાત - શાક - રોટલી - ખિચડી - કડી વિગેરે રાંધેલું અનાજ.

પાન એટલે પાણી, શરબત, દુધ, ચા વિગેરે પ્રવાહી પદાર્થો.

ખાદિમ એટલે ફળ અને મેવો વિગેરે.

સ્વાદિમ એટલે બધા પ્રકારના મુખવાસ.

અંતિમ સમયે આ ચારે આહારનો ત્યાગ કરવાનો છે. આને